અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ડિસેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૧૧ | અંક : ૧૭૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# તપાસ એજન્સી કોઈના લેપટોપ-મોબાઇલ એક્સેસ ના કરી શકે : સુપ્રીમ કોર્ટ

## કોર્ટે લોટરી કિંગ સેન્ટિયાગો માર્ટિન કેસમાં નિર્ણય આપતાં કહ્યું છે કે, તપાસ એજન્સી ઈડ્ડ કોઈના લેપટોપ કે મોબાઇલ ફોનમાંથી ડેટા એક્સેસ કરી શકે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ માટે તપાસ પ્રક્રિયામાં લક્ષ્મણ રેખા દોરી છે. કોર્ટે લોટરી કિંગ સેન્ટિયાગો માર્ટિન કેસમાં નિર્ણય આપતાં કહ્યું છે કે, તપાસ એજન્સી ઈદ્ધ કોઈના લેપટોપ કે મોબાઈલ ફોનમાંથી ડેટા એક્સેસ કરી શકે નહીં. EDએ આ કેસની તપાસમાં ૬ રાજ્યોમાં ૨૨ સ્થળો પર દરોડા પાડ્યા હતા અને સેન્ટિયાગો માર્ટીનના સંબંધીઓ અને નજીકના મિત્રો પાસેથી અનેક પ્રકારના ઈલેક્ટ્રોનિક ડિવાઈસ જપ્ત કરવામાં આવ્યા હતા. મેઘાલય પોલીસની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ફ્યુચર ગેમિંગ ઍન્ડ હોટેલ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રાજ્યમાં લોટરીનો ધંધો ગેરકાયદેસર રીતે કબજે કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ દરોડામાં ૧૨.૪૧ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ કિસ્સામાં, અરજદારોએ તેમના બંધારણીય અને મૂળભૂત અધિકારો, ખાસ કરીને ગોપનીયતાના મૂળભૂત અધિકારનું રક્ષણ કરવાની માંગ કરી છે. તેમણે દલીલ કરી હતી કે વ્યક્તિગત ડિજિટલ ડિવાઈસમાં સેવ કરેલી માહિતી ખૂબ જ વ્યક્તિગત છે. તેમજ કોઈ વ્યક્તિના જીવન વિશે કોઈપણ વસ્તુ કરતાં વધુ ગોપનીય છે. આથી આ બાબતે ગોપનીયતાના મૂળભૂત અધિકારનું રક્ષણ કરવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં EDને સેન્ટિયાગો માર્ટિનના મોબાઈલ ફોન અને તેની કંપનીના કર્મચારીઓ સાથે સંબંધિત કોઈપણ ઈલેક્ટ્રોનિક ડિવાઈલ્સના ડેટાને એક્સેસ કે કોપી ન કરવા જણાવ્યું હતું.



### મેઘાલય પોલીસની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી

કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ED દ્વારા જારી કરાયેલા સમન્સ પર પણ રોક લગાવી દીધી છે. હવે જ્યારે સંબંધિત વ્યક્તિ તેમની સામે હાજર હોય ત્યારે જ ED જપ્ત કરાયેલા ડિજિટલ ડિવાઇસમાંથી ડેટા એક્સેસ કરી શકે છે. સેન્ટિયાગો માર્ટિનની કંપની ફ્યુચર ગેમિંગ ચૂંટણી બોન્ડની સૌથી મોટી ખરીદનાર હતી. તેણે ૨૦૧૪ અને ૨૦૧૯ વચ્ચે રૂ. ૧૩૬૮ કરોડના બોન્ડ ખરીદ્યા હતા. ફ્યુચર ગેમિંગે તૃણમૂલ કોંગ્રેસને સૌથી વધુ ૫૪૨ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. DMK બીજા સ્થાને હતું જેને રૂ. ૫૦૩ કરોડ મળ્યા હતા. જ્યારે વાયએસઆરએ કોંગ્રેસને ૧૫૪ કરોડ રૂપિયા અને ફ્યુચર ગેમિંગે ભાજપને ૧૦૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. 3 ડિસેમ્બરે જસ્ટિસ અભય એસ. ઓકા અને જસ્ટિસ પંકજ મિત્તલની ખંડપીઠે આ કેસ પર ચુકાદો આપ્યો હતો. ફ્યુચર ગેમિંગ કેસની સુનાવણી અન્ય કેસો સાથે થશે. પિટિશનમાં ફ્યુચર ગેમિંગ દ્વારા ઉલ્લેખિત ચાર કેસમાં એમેઝોન ઇન્ડિયાના કર્મચારીઓ સાથે સંકળાયેલા કેસનો સમાવેશ થાય છે. જેમાં એમેઝોન ઇન્ડિયાના કર્મચારીઓએ ઈડીની ઇલેક્ટ્રોનિક ડિવાઇસની માંગને પડકારી હતી.

## રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ પણ શ્રદ્ધાંજલી અર્પી

# પીએમ મોદીએ વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પીએમ મોદીએ દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. આ અવસર પર, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં કહ્યું હતું કે તેમનું વિઝન અને મિશન વિકસિત ભારતના સંકલ્પને બળ આપવાનું ચાલુ રાખશે." દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ, દિલ્હી સ્થિત અટલ બિહારી વાજપેયીના સમાધિસ્થળે જઈને શ્રદ્ધાંજલી અર્પી હતી. પીએમ મોદી રાજઘાટ પર અટલ મેમોરિયલ પહોંચ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે અટલ બિહારી વાજપેયીએ પોતાનું જીવન એક મજબૂત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સમર્પિત કર્યું. વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિના અવસર પર વડાપ્રધાન મોદીએ નમો એપ પર એક લેખ પણ શેર કર્યો છે. જેમાં તેમણે કહ્યું છે કે પૂર્વ વડાપ્રધાને જે રીતે બંધારણીય મૂલ્યોનું જતન



કરીને દેશને એક નવી દિશા અને ગતિ આપી છે, તેની અસર હંમેશા 'અચળ' રહેશે. તેમણે કહ્યું, "તેમનુ ભરપુર સાનિધ્ય અને આશીર્વાદ મળ્યાં એ મારું સૌભાગ્ય છે." પીએમ મોદીએ રાજકીય અસ્થિરતાના સમયમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે ૨૧મી સદીને ભારતની સદી બનાવવા માટે તેમની એનડીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓએ દેશને નવી દિશા અને નવી ગતિ આપી.

# પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એર સ્ટ્રાઈક કરી

## પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં મોડી રાતે અચાનક હવાઈ હુમલા કરી દેતાં ફરી ટેન્શન વધી ગયું છે

। (એજન્સી) લાહોર, તા.૨૫ ।

પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં મોડી રાતે અચાનક હવાઈ હુમલા કરી દેતાં ફરી ટેન્શન વધી ગયું છે. આ હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયા હતા.

મૃત્યુઆંક વધવાની આશંકા છે. સ્થાનિક પ્રેસના અહેવાલ મુજબ ૨૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાની હવાઈ હુમલામાં લમાન સહિત સાત ગામોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યાં એક જ પરિવારના પાંચ સભ્યો માર્યા ગયા હતા. સ્થાનિક સૂત્રોએ દાવો કર્યો છે કે આ હવાઈ હુમલા માટે પાકિસ્તાની જેટ જવાબદાર હતા. અહેવાલો દર્શાવે છે કે બરમાલનું મુર્ગ બજાર ગામ સંપૂર્ણપણે નાશ પામ્યું છે, હુમલામાં ઘણા



લોકો ઘાયલ થયા છે. મીડિયાના અહેવાલ અનુસાર આ હવાઈ હુમલાની તપાસ કરવામાં આવી રહી છે અને તેની પુષ્ટિ કરવા અને હુમલાની જવાબદારી સ્પષ્ટ કરવા માટે વધુ તપાસની જરૂર છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે પક્તિકાના બર્મલ પર હવાઈ હુમલા બાદ જવાબી કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા પણ લીધી છે. મંત્રાલયે કહ્યું કે તેમની જમીન અને સાર્વભૌમત્વની રક્ષા કરવાનો તેમનો કાયદેસરનો અધિકાર છે અને અમે આ હુમલાની ટીકા કરીએ છીએ. પાકિસ્તાની અધિકારીઓએ સત્તાવાર રીતે હવાઈ હુમલાની પુષ્ટિ કરી નથી, પરંતુ સૈન્યની નજીકના સુરક્ષા સૂત્રોએ સૂચવ્યું હતું કે આ હવાઈ હુમલા સરહદ નજીક તાલિબાન સ્થાનોને ટારગેટ પર રાખીને કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આ હવાઈ હુમલો થયો છે. પાકિસ્તાની તાલિબાન અથવા તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન એ તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાની દળો પર તેના હુમલામાં વધારો કર્યો છે, પાકિસ્તાને અફઘાન તાલિબાન પર આ આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ મૂક્યો છે.

# પાકિસ્તાન આર્મી બાંગ્લાદેશ સૈન્યને ટ્રેઇન કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

૫૩ વર્ષ બાદ હવે પાકિસ્તાની સેનાએ બાંગ્લાદેશમાં એન્ટ્રી કરી લીધી છે. આ એક સમાચારે હલચલ મચાવી દીધી છે. ૧૯૭૧માં જે પાકિસ્તાની સેનાને પૂર્વ પાકિસ્તાનમાંથી હાંકી કાઢવામાં આવી હતી તે જ પાકિસ્તાની સેના હવે આ દેશમાં નવેસરથી પોતાનો રુતબો જમાવવાનો પ્રયાસ કરી રહી છે. બાંગ્લાદેશની વર્તમાન વચગાળાની સરકારે પાકિસ્તાન સાથે સૈન્ય અને વ્યૂહાત્મક સંબંધો વધારવાની દિશામાં પગલાં ભર્યા છે, જે ભારત માટે એક નવો પડકાર ઊભો કરી શકે છે. PAK આર્મીના જોઈન્ટ ચીફ ઑફ સ્ટાફ કમિટીના ચેરમેન જનરલ સાહિર શમશાદ મિર્ઝાના નેતૃત્વમાં એક વિશેષ ટીમ બાંગ્લાદેશને ટ્રેનિંગ આપવા માટે ફેબ્રુઆરી ૨૦૨૫માં ત્યાં જશે. પ્રથમ તબક્કામાં આ ટ્રેનિંગ મેમેનશાહી કેન્ટ સ્થિત આર્મી ટ્રેનિંગ ઍન્ડ ડોક્ટ્રિન કમાન્ડ (ATDC) હેડક્વાર્ટર ખાતે યોજાશે. આ કાર્યક્રમ એક વર્ષ સુધી ચાલશે. ત્યારબાદ બાંગ્લાદેશના તમામ ૧૦ સૈન્ય કમાન્ડમાં પાકિસ્તાની સેના ટ્રેનિંગ લેશે. જનરલ મિર્ઝાએ નવેમ્બરમાં બાંગ્લાદેશને આ પ્રસ્તાવ મોકલ્યો હતો. જેનો બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને સ્વીકાર કરી લીધો. આ ઘટનાક્રમ કરીને શેખ હસીનાની સરકાર બાદ બદલાયેલી પરિસ્થિતિને ઉજાગર કરે છે. જ્યારથી વચગાળાની સરકારે પાકિસ્તાન સાથેના સંબંધોને મજબૂત કરવાની કવાયત તેજ કરી દીધી છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં કરાચી પોર્ટ પર પાકિસ્તાની નેવી સાથે બાંગ્લાદેશનો યુદ્ધ અભ્યાસ અમન-૨૦૨૫ થશે. આ યુદ્ધ અભ્યાસ દર બે વર્ષે યોજાય છે, પરંતુ બાંગ્લાદેશ છેલ્લા ૧૫ વર્ષથી તેનાથી દૂર રહ્યું હતું. શેખ હસીનાના શાસનકાળમાં PAK સાથે કોઈપણ પ્રકારના સૈન્ય અભ્યાસ પર પ્રતિબંધ હતો. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારે માત્ર આ અભ્યાસમાં ભાગ લેવા માટે સંમતિ નથી દર્શાવી, પરંતુ બંગાળની ખાડીમાં PAK નેવી સાથે સંયુક્ત અભ્યાસની તૈયારી પણ કરી રહી છે. શેખ હસીનાની સરકાર દરમિયાન બાંગ્લાદેશે પાકિસ્તાન સાથેના સંબંધો મર્યાદિત રાખ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### એકનાથ શિંદેએ વિનોદ કાંબલીની કરી આર્થિક મદદ

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલીને ૫ લાખ રૂપિયાની આર્થિક મદદ કરી છે. દિગ્ગજ ક્રિકેટર વિનોદ કાંબલીને તબિયત લથડતાં થાણે (ભિવંડી)ની આકૃતિ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે ખુદ એકનાથ શિંદેએ આકૃતિ હોસ્પિટલના ડોકટરો સાથે પણ ચર્ચા કરી અને તેમને વિનોદ કાંબલીની સારવારમાં કોઈ કમી ન રહે તેની ખાતરી કરવા વિનંતી કરી હતી.

### રશિયાએ અમેરિકા સાથે સંબંધો સુધારવાની ઇચ્છા છોડી નથી : પુતિન

। (એજન્સી) મોસ્કો, તા.૨૫ ।

નવા ચૂંટાયેલા અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ જાન્યુઆરીમાં શપથ લેવાના છે ત્યારે રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિને જણાવ્યું છે કે, રશિયાએ અમેરિકા સાથેના સંબંધો સુધારવાની ઈચ્છા ગુમાવી નથી. તેમણે કહ્યું હતું કે, રશિયાના હિતો સાથે સમાધાન નહીં કરવાની સ્થિતિમાં તે અન્ય દેશો સાથે સંબંધો મજબૂત બનાવવા તૈયાર છે.

# અદૃશ્ય તાકાતો મણિપુરમાં હિંસા માટે જવાબદાર છે

। (એજન્સી) મણિપુર, તા.૨૫ ।

મણિપુર હિંસા મામલે મણિપુર હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ સિદ્ધાર્થ મૃદુલે રાજ્યની સ્થિતિને તાત્કાલિક ધોરણે કાબૂમાં લેવાની જરૂરિયાત દર્શાવી છે. તેમજ તેમણે મણિપુરમાં અદૃશ્ય તાકાતો મણિપુરને ભડકે બાળી રહી છે, તે હિંસાને પ્રોત્સાહન આપી રહી હોવાનું જણાવ્યું છે. પૂર્વ ચીફ જસ્ટિસ મૃદુલે દિલ્હીની એક પેનલ ચર્ચામાં જણાવ્યું હતું કે, અમુક તત્ત્વો મણિપુરને સતત બળતું રાખવા માગે છે. હું આ વિચાર સાથે સહમત છું, સતત ચાલતી હિંસાની પાછળ એક અદૃશ્ય હાથ છે. આ હાથ કોનો છે, તે હજું સ્પષ્ટ થયું નથી. પરંતુ અમુક લોકો મણિપુરને બળતું જોવા માગે છે. મીડિયા સાથે ચર્ચામાં જસ્ટિસ મૃદુલે જણાવ્યું કે, મને લાગે છે કે, કોઈક સતત હિંસાને બળ આપી રહ્યું છે. જ્યારે પણ સ્થિતિ સામાન્ય થાય છે, ત્યાં અચાનક નવી હિંસાની લહેર આવી જાય છે. મને વિશ્વાસ છે કે, અમુક તાકતો આ ષડયંત્ર રચી રહી છે. આ તાકાત બાહ્ય અથવા સ્થાનિક હોઈ શકે છે. મણિપુરમાં જાતિય સંઘર્ષ છેલ્લા ૧૯ મહિનાથી ચાલી રહ્યું છે. આ હિંસામાં કેન્દ્ર સરકારે વધુને વધુ સૈનિકો તૈનાત કરવા, અફસ્પા લાગુ કરવા તેમજ વિવિધ જૂથોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા અપીલ કરી છે. જો કે, સરકારે આ માગ સામે કોઈ ખાસ પગલાં લીધા નથી. મણિપુર હિંસામાં અત્યારસુધી ૨૪૦થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જસ્ટિસ મૃદુલે જણાવ્યું કે, અમુક સમય માટે હિંસા થંભી જાય છે. પરંતુ મે મહિનાથી અત્યારસુધી મણિપુરમાં ક્યારેય સ્થિતિ સામાન્ય થઈ નથી. મેં અધિકારીઓ સાથે વાતચીત કરી હતી કે, ન્યાયપાલિકા કોઈપણ અડચણ વિના પોતાની કામગીરી ચાલુ રાખી શકશે કે નહીં.

# લદાખમાં - ૨૦ તો હિમાચલમાં -૧૦ ડિગ્રીએ પહોંચ્યું તાપમાન

। (એજન્સી) લદ્દાખ, તા.૨૫ ।

ડિસેમ્બરનું છેલ્લું અઠવાડિયું ચાલી રહ્યું છે ત્યારે વર્ષના અંતે ઉત્તર ભારતમાં ઠંડીએ પણ પોતાનું જોર બતાવવા માંડ્યું છે. પશ્ચિમી વિક્ષોભની અસરથી પહાડો પર હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં વરસાદ યથાવત્ છે. વળી, યોગ્ય સૂર્ય પ્રકાશ ન મળતાં તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે ૨૫ ડિસેમ્બરે લદ્દાખમાં તાપમાન ઘટતાં -૨૦ સુધી પહોંચી ગયું છે, આ સાથે જ હિમાચલ પ્રદેશમાં માઈનસ ૧૦ સુધી તાપમાનનો પારો ગગડ્યો છે. દેશનું સૌથી ઠંડુ શહેર આજે લદાખનું ન્યોમા છે, જ્યાં તાપમાન માઈનસ ૨૦.૩ રહ્યું. વળી, હિમાલયના તાબામાં તાપમાન માઈનસ ૧૦.૬ છે. આ સિવાય કાશ્મીરના બાલિસ્ટાન મુઝફ્ફરાબાદમાં તાપમાન માઈનસ ૯.૫ છે.

# ભારે ધુમ્મસને પગલે દિલ્હી વિમાન મથક દ્વારા એડવાઈઝરી જારી કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ (IGI) એ ગાઢ ધુમ્મસને કારણે એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરીમાં એરપોર્ટે યાત્રીઓને ગાઢ ધુમ્મસના કારણે ફ્લાઈટ ઓપરેશનમાં થઈ રહેલી સમસ્યાઓ વિશે પણ જાણકારી આપી છે. દિલ્હી એરપોર્ટે જણાવ્યું છે કે CAT III અનુરૂપ ફ્લાઈટ્સથી સજ્જ ન હોય તેવી ફ્લાઈટ્સ વિલંબ અથવા રદ થઈ શકે છે. એડવાઈઝરી આગળ જણાવે છે કે, “જે ફ્લાઈટ્સ CAT III અનુરૂપ નથી તે પ્રભાવિત થઈ શકે છે અને મુસાફરોને નવીનતમ ફ્લાઈટ માહિતી માટે એરલાઈન્સનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.’’ દરમિયાન, ઈન્ડિગો એરલાઈન્સે પણ મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા ફ્લાઈટની સ્થિતિ તપાસવાની સલાહ આપી છે. બુધવાર સવારથી દિલ્હી-એનસીઆરમાં ગાઢ ધુમ્મસ હતું. જેના કારણે ફ્લાઈટ અને ટ્રેનોના સંચાલનને અસર થઈ હતી. રોડ પર પણ વાહન વ્યવહાર ધીમો રહ્યો હતો. દ્વારકા એક્સપ્રેસ વે ગાઝિયાબાદ, નોઈડા અને ગુરુગ્રામ જેવા રૂટ પર વિઝિબિલિટી ઓછી રહી, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કેટલાક માર્ગો પર ધુમ્મસના કારણે જામની સૂચના પણ છે. તે જ સમયે, ધુમ્મસને કારણે ટ્રેન સેવાઓ પણ ખોરવાઈ ગઈ હતી. ધુમ્મસના કારણે દેશના વિવિધ રાજ્યોમાંથી દિલ્હી આવતી ઓછામાં ઓછી ૨૦ ટ્રેનો મોડી પડી હતી. અસરગ્રસ્ત ટ્રેનોમાં ગોવા એક્સપ્રેસ, પૂર્વા એક્સપ્રેસ, કાલિંદી એક્સપ્રેસ અને રીવા-આનંદ વિહાર ટર્મિનલ એસએફ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બુધવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જ્યારે મંગળવારે તે હળવા વરસાદ વચ્ચે ઘટીને ૭ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. હવામાન વિભાગે ૨૬ ડિસેમ્બરે વરસાદની આગાહી કરી છે.

# ટેલિકોમ કંપનીઓ માટે નવું ફરમાન જાહેર કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દેશના કરોડો યુઝર્સ માટે રાહતના સમાચાર છે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈનું કહેવું છે કે ટેલિકોમ કંપનીઓએ વોઈસ અને એસએમએસ પેક અલગથી આપવા પડશે. તેના લીધે ગ્રાહકોને તેમના માટે જરુરી હોય તેટલી જ સર્વિસના પેમેન્ટનો વિકલ્પ મળશે. તેની સાથે સ્પેશ્યલ ટેરિફ વાઉચર (એસટીવી)ની સમયમર્યાદા ૯૦ દિવસથી વધારીને ૩૬૫ દિવસ કરવામાં આવી છે. ટ્રાઈના નિયમો મુજબ દસ રુપિયાનું ટોપ અપ વાઉચર રાખવું જરૂરી છે. હાલમાં ટેલિકોમ કંપનીઓ ગ્રાહકોને કોમ્બો ઓફર આપે છે.તેના લીધે ટુ-જી સીમકાર્ડનો ઉપયોગ કરનારાઓને સૌથી વધુ ફાયદો થશે. આજે પણ ગ્રામીણ તથા દૂરના ક્ષેત્રોમાં લોકો ટુ-જી સીમકાર્ડનો ઉપયોગ કરી રહ્યા છે. મોબાઈલ ઓપરેટર હાલમાં જે વોઈસ અને એસએમએસ પ્લાન રજૂ કરી રહ્યા છે તેમા મોટાભાગના પ્લાનમાં ઈન્ટરનેટ અને ડેટાની કિંમત બંડલ કરવામાં આવી છે એટલે કે તે સંયુક્ત રીતે લેવામાં આવે છે. તેના લીધે સામાન્ય યુઝર્સને વધારે રુપિયા આપવા પડી રહ્યા છે. ફીચર્સ ફોનનો ઉપયોગ કરનારા વૃદ્ધ અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા કેટલાય ગ્રાહકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં નથી. આમ છતાં તેને ડેટા પેક લેવા માટેની ફરજ પાડવામાં આવી રહી છે. ટ્રાઈએ તેની સામે વાંધો ઉઠાવ્યો હતો.જો કે મોબાઈલ કંપનીઓ તેની સાથે સંમત નથી અને તેમનું કહેવું હતું કે તેનાથી કેન્દ્ર સરકારની ડિજિટલ ઈન્ડિયાની ગતિ ધીમી પડી શકે છે. ટ્રાઈએ જણાવ્યું હતું કે તેના માનવા મુજબ ડેટા-ઓનલી એસટીવી અને બંડલ ઓફર ઉપરાંત વોઈસ અને એસએમએસ માટે એક અલગ એસટીવી (સ્પેશયલ ટેરિફ વાઉચર) ફરજિયાત કરવું જોઈએ. અહીં એમ પણ જોવા મળ્યું છે કે વોઈસ અને એસએમએસ ઓનલી એસટીવી ફરજિયાત કરવાના લીધે તે ગ્રાહકોને વિકલ્પ મળશે, જેને ડેટાની જરૂર નથી.

# ૩૧ ડિસેમ્બરને લઈ સરકાર ફુલ એક્શન મોડમા આવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગુજરાત રાજ્યમાં પ્રોહિબિશન કાયદાને વધુ મજબૂત કરવા માટે ગૃહ મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઈ હતી.

જેમા લેવાયેલ નિર્ણય અનુસાર રાજ્યભરના જિલ્લા પોલીસ વડાઓને આગામી ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીને ધ્યાને રાખીને દારૂ તથા નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને સેવનને રોકવા માટે સઘન અભિયાન ચલાવવાના આદેશ આપવામાં આવ્યા છે. આ પ્રોહિબિશન ડ્રાઈવ ૩૧ ડિસેમ્બર સુધી ચાલશે અને દરેક સ્ટેશનને રોજિંદા કામગીરીના રિપોર્ટ સબમિટ કરવા ફરજિયાત કરાયા છે. કડક કાર્યવાહી માટે માર્ગદર્શિકા:

૧. સઘન નાકાબંધી અને પેટ્રોલિંગ

પડોશી રાજ્યોના માર્ગો પર કડક ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે, ખાસ કરીને દારૂના મુખ્ય પ્રવેશમાર્ગો પર. હાલમાં જ કડજોદરામાં રૂ. ૯૯ લાખનો દારૂ કબજે કરાયો હતો, જે ડીજીપીના આદેશ બાદની પ્રથમ મોટી કાર્યવાહી હતી.

કડક કાર્યવાહી માટે માર્ગદર્શિકા:

૧. સઘન નાકાબંધી અને પેટ્રોલિંગ

પડોશી રાજ્યોના માર્ગો પર કડક ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે, ખાસ કરીને દારૂના મુખ્ય પ્રવેશમાર્ગો પર. હાલમાં જ કડજોદરામાં રૂ. ૯૯ લાખનો દારૂ કબજે કરાયો હતો, જે ડીજીપીના આદેશ બાદની પ્રથમ મોટી કાર્યવાહી હતી.

૩. નાગરિકોની સુરક્ષા

૩૧ ડિસેમ્બર સુધીના આ અભિયાન હેઠળ દરેક જિલ્લામાં દારૂ, નાર્કોટિક્સ અને અન્ય અનિયમિત પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા નિર્ધારિત સત્રો રાખવામાં આવશે. પોલીસને પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન પકડાયેલા મુદ્દામાલ અને કાર્યવાહીનો દૈનિક રિપોર્ટ મથક પર મોકલવાનું ફરજિયાત કરાયું છે. થર્ટી ફર્સ્ટ પર ખાસ નજર

દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા વર્ષની ઉજવણી દરમિયાન દારૂની હેરાફેરીના કિસ્સાઓ વધી શકે છે. તેથી, આ વખતે પોલીસે એડવાન્સ રણનીતિ અપનાવી છે. સમગ્ર રાજ્યમાં દારૂના પ્રવેશમાર્ગો પર ખાસ પેટ્રોલિંગ વધારવામાં આવશે.

રાજ્યમાં શાંતિ જાળવવાનો પ્રયાસ

ગૃહ મંત્રાલયના આદેશ મુજબ, પ્રોહિબિશન ડ્રાઈવ રાજ્યની શાંતિ જાળવવા માટે મહત્વપૂર્ણ છે. નાગરિકોને દારૂના દૂષણથી મુક્ત અને સલામત માહોલ પૂરો પાડવા સરકારની આ અભિયાનને સફળ બનાવવાની મજબૂત તૈયારી પણ છે.

આ અભિયાન રાજ્યમાં દારૂના દૂષણ સામે મજબૂત સંદેશ આપશે અને નાગરિકોની સુરક્ષાની ભાવના વધારશે.

### DySP સહિત ૧૬૦ પોલીસ કર્મીઓનું વિશેષ યુનિટ

# ગાંધીનગરમાં VIP, VVIP મૂવમેન્ટ માટે વિશેષ યુનિટ બનાવવામાં આવ્યું

### હવેથી એક ડીવાયએસપીના નેજા હેઠળ તમામ વીઆઇપી મૂવમેન્ટ-બંદોબસ્ત પ્રોટોકોલ યુનિટ દ્વારા કરવામાં આવશે

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

ગાંધીનગરમાં VIP તથા VVIP અવરજવર દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની દેખરેખ માટે વિશેષ યુનિટની રચના કરવામાં આવી છે. ગાંધીનગર રાજ્યનું પાટનગર છે. ત્યારે ગાંધીનગર પોલીસના માથે બંદોબસ્તની વિશેષ જવાબદારી રહેતી હોય છે. વર્ષોથી શહેર અને જિલ્લામાં વડાપ્રધાન, મુખ્યમંત્રીથી માંડીને વીઆઈપી, વીવીઆઈપી મૂવમેન્ટ તેમજ બંદોબસ્ત માટે જિલ્લાના સ્થાનિક પોલીસ મથકના અધિકારીથી લઈ પોલીસ કર્મચારીઓને ખડેપગે ગોઠવાઈ જવું પડતું હતું. જોકે હવે કોઈપણ વીઆઈપી મૂવમેન્ટ – બંદોબસ્ત માટે સ્પેશિયલ પ્રોટોકોલ બ્રાન્ચની રચના કરાઈ છે. હવેથી એક ડીવાયએસપી ના નેજા હેઠળ તમામ વીઆઈપી મૂવમેન્ટ અને બંદોબસ્ત પ્રોટોકોલ યુનિટ દ્વારા કરવામાં આવશે. રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગરમાં સતત મહાનુભાવોની અવર-જવર રહેતી હોય છે. વાઈબ્રન્ટ મહોત્સવ, વિવિધ સમિટ-એક્ઝિબિશન દરમિયાન ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોએ એલર્ટ થઈ જવું પડે છે. ખાસ કરીને વીઆઈપી મહાનુભાવોનો કાફલો જે રૂટ પરથી પસાર થવાનો હોય ત્યાં સ્થાનિક પોલીસ મથકના પીઆઈથી માંડીને કોન્સ્ટેબલ સુધીના કર્મચારીઓએ રોજિંદી કામગીરી અટકાવીને બંદોબસ્ત માટે દોડવું પડે છે. વીઆઈપી અવર-જવર દરમિયાન પણ ગાંધીનગર જિલ્લાની પોલીસની રોજિંદી કામગીરી ખોરવાય નહીં, તે માટે સ્પેશિયલ પ્રોટોકોલ બ્રાન્ચની રચના કરાઈ છે. રાજ્યનું પાટનગર હોવાના કારણે વર્ષોથી ગાંધીનગરમાં પ્રોટોકોલ વિભાગ ઊભો કરવા વિચારણા ચાલી રહી હતી. ત્યારે રવિ તેજા વાસમશેટ્ટીએ જિલ્લા પોલીસ વડા તરીકેનો ચાર્જ સંભાળતાની સાથે જ પોલીસની સમસ્યા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જેમાં મોટાભાગે જે તે પોલીસ મથકના પોલીસ અધિકારીથી માંડી કર્મચારીઓ વીઆઈપી મૂવમેન્ટ – બંદોબસ્તમાં દોડતા રહેતા હોવાનું ધ્યાને આવ્યું હતું. એસપી રવિ તેજા વાસમશેટ્ટી દ્વારા સ્પેશિયલ પ્રોટોકોલ બ્રાન્ચ ઊભી કરવા ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેનાં પગલે હવે ગાંધીનગર પોલીસને મુખ્યમંત્રીથી માંડીને વીઆઈપી મૂવમેન્ટ- બંદોબસ્ત માટે ગમે તે ઘડીએ દોડવું નહીં પડે. કેમ કે, ગાંધીનગરમાં સ્પેશિયલ પ્રોટોકોલ બ્રાન્ચની રચના કરી દેવાઈ છે.

### રદ થયેલા એડમિશનનો આંકડો વધવાની શક્યતા

# સુરતમાં RTE હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીએ ૧૦૦થી વધુ એડમિશન રદ કરતાં હોબાળો

### એડમિશન રદ કરાતાં શાળાએ કાં ફી ભરો અથવા લિવિંગ સર્ટિફિકેટ લઈ જવાની સૂચના આપતા વાલીઓ દોડ્યા

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતમાં આરટીઈ(રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ આપેલા ૧૦૦થી વધારે એડમિશન રદ કરાતા હોબાળો મચ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારીએ એડમિશન રદ કરતા શાળાએ વાલીઓને ક્યાં તો ફી ભરો અથવા સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ લઈ જાઓ તેવું ફરમાન કરતા વાલીઓ દોડતા થઈ ગયા હતાં. હજી આરટીઈ હેઠળના એડમિશનની ખરાઈ માટે વધુ પાંચેક સ્કુલમાં તપાસ બાકી હોઈ રદ થયેલા એડમિશનનો આંકડો વધવાની શક્યતા જોવાઈ રહી છે.

જિલ્લા શિક્ષણાધિકારીએ આરટીઈ હેઠળ ખાનગી શાળાઓમાં એડમિશન મેળવવા માટે વાલીઓએ ખોટી માહિતી આપી પ્રવેશ મેળવ્યો હોવાનું બહાર આવતા ૧૦૦થી વધારે વિદ્યાર્થીના પ્રવેશ રદ કર્યા છે. RTE નિયમો અનુસાર, તે માતા-પિતાના બાળકોને જ પ્રવેશ મળી શકે છે જેમની વાર્ષિક આવક રૂ. ૧,૫૦,૦૦૦થી ઓછી હોય. શિક્ષણ વિભાગની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, કેટલાક વાલીઓના ઘર આલિશાન બંગલામાં છે, જ્યાં ફ્રિઝ, એસી, અને કાર જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથ પરમારે કહ્યું કે, 'અત્યાર સુધી ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા છે. વાલીઓએ ખોટી માહિતી આપીને નિયમોનો ભંગ કર્યો છે.

### સિંહના માનવ પરના હુમલાના બનાવો વધી રહ્યા છે

# વિસાવદરના બરડીયાગામની સીમમાં સિંહણે ૧૩ વર્ષની બાળકીને ફાડી ખાધી

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૫ ।

ગીર જંગલમાં છેલ્લા કેટલાક સમયથી સિંહના માનવ પરના હુમલાના બનાવો વધી રહ્યા છે. વિસાવદર તાલુકાના બરડીયા ગામમાં એક સિંહણે ૧૩ વર્ષની બાળકીને ફાડી ખાધાની ઘટના સામે આવી છે. સિંહણ ૪૦૦ ફૂટ જેટલી દૂર ઢસડી ગયા બાદ તેની છાતી પર બેસી ગઈ હતી. જો કે પિતાએ પ્રતિકાર કર્યો પરંતુ બાળકી બચી શકી નહોતી. વનવિભાગે સિંહણને પાંજરે પૂરવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વિસાવદરના બરડીયા ગામની સીમમાં વાડીએ મૂળ મધ્યપ્રદેશના શ્રમિકો મજૂરી કામ અર્થે ઘણા સમયથી રહે છે. રાહલી બાટા નરસિંહ (ઉંવ. ૧૩) નામની બાળકી તેની બહેન સાથે બાજુના ખેતરમાં પાણી વાળવાનું કામ કરતા તેમના પિતાને બેટરી આપવા જતી હતી.

આ દરમિયાન તુવેરમાં છુપાયેલી સિંહણે રાહલી નામની બાળકીને અચાનક જ ગળાના ભાગેથી પકડી દૂર ઢસડી ચાલી ગઈ હતી. ત્યારબાદ તેની નાની બહેને બૂમાબૂમ કરી દોડીને તેના પિતા પાસે જઈ સમગ્ર વાતથી વાકેફ કર્યા હતા.તેના પિતા બાળકીને તુવેરમાં આમતેમ શોધી રહ્યા હતા ત્યારે ૪૦૦ મીટર જેટલી દૂર સિંહણ બાળકીનાં ગળાંના ભાગે બચકા ભરી તેના ઉપર બેઠી હતી. બાળકીના પિતાએ પરિસ્થિતિ જોઈ સિંહણને પડકારા કરતાં, રઘવાઈ બનેલી સિંહણ બાળકીને મૂકી ત્યાંથી દૂર ચાલી ગઈ હતી.

બાદમાં ગ્રામજનોને જાણ થતા સરપંચ સહિતના આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા. વન વિભાગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે છેલ્લા ત્રણ દિવસથી આ વિસ્તારમાં બે સિંહણ અને એક બચ્ચું આંટાફેરા મારી રહ્યાં છે. હાલ વન વિભાગે સિંહણને પકડવા પાંચથી વધુ પાંજરાઓ અલગ અલગ જગ્યાએ ગોઠવ્યા છે.

### ગ્રામજનોએ શાળાના આચાર્યને અનેક વખત રજૂઆત કરી છે

# ભથાણની પ્રાથમિક શાળામાં શિક્ષકોની અછત, વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૫ ।

લીંબડી તાલુકાના ભથાણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં છેલ્લા ૬ મહિનાથી ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકોની અછત સર્જાઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. આ સમસ્યાને કારણે વિદ્યાર્થીઓને આ મહત્વના વિષયોનું જ્ઞાન મળી રહ્યું નથી, જે તેમના ભવિષ્ય માટે ચિંતાજનક છે.આ અંગે વાલીઓ અને ગ્રામજનોએ શાળાના આચાર્યને અનેક વખત રજૂઆત કરી છે. પરંતુ હજુ સુધી આ સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી. જેના કારણે ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ છે. ગ્રામજનોની માંગ છે કે, શાળામાં ખાલી પડેલી શિક્ષકની જગ્યાઓ પર તાત્કાલિક ભરતી કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો ન રહે તે માટે ચિંતિત છે. શાસન તંત્ર પાસેથી ઝડપી ઉકેલની માંગ કરી રહ્યા છે.ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકોની ખાલી જગ્યાઓને કારણે વિદ્યાર્થીઓને આ વિષયોનું યોગ્ય માર્ગદર્શન મળી રહ્યું નથી. શિક્ષકોની ગેરહાજરીને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખૂબ મોટો અંતર પડી રહ્યો છે. આ સમસ્યાને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે.ભથાણ ગામની શાળામાં શિક્ષકોની અછત એ ગંભીર સમસ્યા છે.

### ટ્રક ચાલક પાસેના રૂપિયા દસ હજારની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ

# ડભોઇની ઓરસંગ નદીના પટમાં રેતી ખનન માફિયાઓ વચ્ચે લોહિયાળ જંગ, બે ઘાયલ

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાંથી પસાર થતી ઓરસંગ નદીના પટમાંથી રેતી ખનનનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું છે. આ રેતી ખનન કૌભાડમા હપ્તાનુ રાજકારણ હોવાનું મનાય છે.

રવિવારે ડભોઈ નગરપાલિકાના કાઉન્સિલર અને તેના સાગરીતોએ રેતી ભરીને જતી ટ્રકોને રોકી હતી અને ધમકી આપી ટ્રક ચાલક પાસેના રૂપિયા દસ હજારની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ નોંધાઈ છે. તો સામે કોર્પોરેટરે રેતી ભરીને જતાં ટ્રક ચાલક અને તેના સાગરીતોએ મારક હથિયારોથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરી એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી.

ડભોઈ તાલુકાના નવી માંગરોળ ગામમાં રહેતા અક્ષય હસમુખભાઈ પાટણવાડીયા તેમજ અન્ય બે વ્યક્તિ સંજય અને જગદીશ રોહિત ઓરસંગ નદીમાંથી ટ્રકોમાં રેતી ભરીને કરનેટ ગામના કાચા રસ્તેથી પસાર થઈ રહ્યા હતા.

તે દરમિયાન ડભોઈ નગરના કાઉન્સિલર અજય નરસિંહ રાઠવા, ઉજમ ભઈલાલ રાઠવા, વિજય કનુ તડવી સહિત છ વ્યક્તિઓએ ટ્રકને રોકી હતી અને ટ્રકની ચાવી કાઢી લઈ રેતી ખનન ચોરીનો આક્ષેપ મૂકીને મારી નાંખવાની ધમકી આપી હતી. તે સાથે અક્ષય પાટણવાડીયા પાસેથી છ વ્યક્તિઓએ રૂપિયા ૧૦,૦૦૦ ની લૂંટની ફરિયાદ નોંધાવી હતી.

તો બીજી બાજુ ડભોઈ પાલિકાના કોંગ્રેસના કાઉન્સિલર અજય રાઠવાએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ નદીના પટમાં આવેલા ફ્રેન્ચવેલ ખાતે વિઝીટમાં ગયા હતા. તે દરમિયાન રેતી ભરેલી ટ્રકો પસાર થઈ રહી હતી. તેઓને રોકીને રેતી ખનનની ચોરી કેમ કરો છો તેમ પૂછતા અક્ષય પાટણવાડીયા, સંજય જગદીશ રોહિતે તેઓના ટ્રક માલિકોને ફોન કરીને બોલાવ્યા હતા.

## રાજ્ય સરકારે વધુ ત્રણ અધિકારીઓને ઘરે બેસાડી દીધા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્ય સરકાર દ્વારા બેદરકાર સરકારી અધિકારીઓ પર સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભ્રષ્ટ અધિકારીઓ હોય કે કામમાં બેદરકારી દાખવતા હોય તેવા કર્મચારીઓને સરકાર ફરજિયાત નિવૃત્તિ અપાવી ઘરે બેસાડી રહી છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકારે વિવિધ સરકારી વિભાગમાં આવા કર્મચારીઓ સામે કાર્યવાહીની શરૂઆત કરી છે. હવે આરોગ્ય વિભાગના ત્રણ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપી દેવામાં આવી છે. આ અધિકારીઓ સામે ચાલ્યો સરકારનો દંડો રાજ્ય સરકારે હવે ત્રણ આરોગ્ય વિભાગના વર્ગ-૨ના અધિકારીઓ સામે કાર્યવાહી કરી છે. રાજ્ય સરકારે મેડિકલ અને તાલુકા હેલ્થ ઓફિસર સામે કાર્યવાહી કરી છે. સરકારના આદેશ પ્રમાણે ડો. પરેશ રામબાબૂ શરમા, જે ભરૂચ જિલ્લાના જંબુસરમાં સરકારી હોસ્પિટલમાં મેડિલક ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તેને ફરજીયાત નિવૃત્તિ આપી દેવામાં આવી છે.

### દારૂ ઘુસાડવા બુટલેગરોના અજીબ કીમિયો

# ઓક્સિજનના બાટલાની આડમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઇ

### પોલીસને પાક્કી બાતમી મળી હોવાથી તપાસ કરતા ઓક્સિજનના બાટલાની આડમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવા છુપાવી રાખ્યો હોવાનું બહાર આવ્યું

। (એજન્સી) વલસાડ, તા.૨૫ ।

૩૧મી ડિસેમ્બર નજીક આવતા જ ગુજરાતમાં દારૂ ઘુસાડવા બુટલેગરો અવનવા કીમિયા અજમાવી રહ્યા છે. પરંતુ વલસાડ જિલ્લા પોલીસની સતર્કતાને કારણે વિદેશી દારૂ પણ ઝડપાઈ જાય છે. ત્યારે આ વખતે વલસાડ રૂરલ પોલીસે કોઈ અન્ય વસ્તુ નહીં પરંતુ ઓક્સિજનના બાટલાની આડમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. વલસાડ રૂરલ પોલીસને મળેલી બાતમીને આધારે પોલીસે અતુલ નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહેલા એક ટેમ્પો રોકતા અંદર ઓક્સિજનના બાટલા ભરેલા હતા. બહારથી આ ટેમ્પામાં કંઈ શંકાસ્પદ લાગતું ન હતું. પરંતુ પોલીસને પાક્કી બાતમી મળી હોવાથી તપાસ કરતા ઓક્સિજનના બાટલાની આડમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવા છુપાવી રાખ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ૭૦ હજારની કિંમતના વિદેશી દારૂ, ટેમ્પો અને ઓક્સિજનના બાટલા પણ જપ્ત કર્યા હતા. લાખોના મુદ્દામાલ સાથે પોલીસે ટેમ્પામાં સવાર બે આરોપીઓની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં ઓક્સિજનના બાટલાની આડમાં ભરેલો આ દારૂ દમણથી લાવવામાં આવ્યો હતો.

## વિશેષ

### દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મુખ્યમંત્રીના કાર્યાલયે ૨૫ ડિસેમ્બર-સુશાસન દિવસથી પ્રજાહિતલક્ષી અને લોકપયોગી વિવિધ નવી પહેલોનો પ્રારંભ કર્યો

। (માહિતી) અમદાવાદ ।


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સામાન્યમાં સામાન્ય માનવીઓને જેટલા બની શકાય તેટલા વધુને વધુ મદદરૂપ થવાનો ભાવ જ સુશાસનની સાચી દિશા છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દર વર્ષે ૨૫મી ડિસેમ્બરે પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મદિવસને ૨૦૧૪થી સમગ્ર દેશમાં સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયે આ વર્ષના સુશાસન દિવસથી પ્રજાહિત યોજનાઓ અને લોકઉપયોગી સુવિધાઓમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગની વિવિધ નવી પહેલોનો પ્રારંભ કર્યો છે. આ પહેલો અંતર્ગત ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્ષ, સ્કોલરશીપ મોનીટરીંગ સિસ્ટમ, રેવન્યુ મોનીટરીંગ સિસ્ટમ, સી.એમ. ફેલો વેબસાઈટ, સ્વર, ગુજરાત ઈન્ડિયા પોર્ટલનું આધુનિકીકરણનો સમાવેશ થાય છે.

**ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ**

ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ માટે વિવિધ વિભાગો હેઠળ આવતી રાજ્યની નાગરિકલક્ષી યોજનાઓ, સેવાઓ, પ્રોજેક્ટ તેમજ ફરિયાદ નિવારણ જેવી પ્રજાલક્ષી કામગીરીના અમલીકરણને ધ્યાને લઈ તેના અસરકારક મોનીટરીંગ માટે મહત્વના પેરામીટર્સ નક્કી કરવામાં આવ્યા છે, વિભાગોની કામગીરીનું સમગ્રતયા મુલ્યાંકન કરીને રેકિંગ પણ આપવામાં આવશે.

**સ્કોલરશીપ મોનીટરીંગ સિસ્ટમ**

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા રાજ્યના યુવાનોને શિક્ષણ માટે વિવિધ સ્કોલરશીપો અપાઈ રહી છે. તમામ સ્કોલરશીપના મોનિટરીંગ માટે સી.એમ. ડેશબોર્ડમાં ખાસ સ્કોલરશીપ મોનીટરીંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે.



**રેવન્યુ ડેશબોર્ડ**

રેવન્યુ વિભાગના આઈ-ઓરા, ખેડૂત ખરાઈ, સુધારા હુકમ, ઈ-ધરા, સિટી સર્વે, આઈ-મોજણી, કલેક્ટર પોર્ટલ અને કેસો બાબતના વિવિધ પોર્ટલોનું મોનિટરીંગ કરવા માટે ડેશબોર્ડમાં અલાયદું "રેવન્યુ ડેશબોર્ડ" તૈયાર કરવામાં આવ્યું છે, તેની શરૂઆત મુખ્યમંત્રીશ્રીએ કરાવી હતી.

**સી.એમ. ફેલોશીપ વેબસાઇટ**

સી.એમ. ફેલોશીપ કાર્યક્રમનો વધુ સારી રીતે પ્રચાર-પ્રસાર થાય અને વધુને વધુ યુવાનો ગુડ ગવર્નન્સ સાથે જોડાય તે માટે સી.એમ. ફેલોશીપ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી.

**"સ્વર" પ્લેટફોર્મ**

ભારત સરકાર દ્વારા સ્થાનિક ભાષાઓના ઉપયોગ માટે ભાષિણી એ.આઈ. આધારિત એપ બનાવવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં રજૂઆતકર્તાઓ-નાગરિકો પોતાની રજૂઆત કે અરજી હવે બોલીને પણ કરી શકે તેવી પહેલ માટે ભાષિણીના ઉપયોગથી "સ્વર" પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયની વેબસાઈટમાં "રાઈટ ટુ સી.એમ.ઓ."માં આ ભાષિણીના ઉપયોગથી સ્પીચ ટુ ટેક્સ્ટ આજથી મુખ્યમંત્રીશ્રીએ શરૂ કરાવ્યું છે.

**ગુજરાત ઇન્ડિયા પોર્ટલ**

નાગરિકો અને અન્ય હિતધારકો માટે રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી માહિતી અને સેવાઓની સિંગલ વિન્ડો ઍક્સેસથી રાજ્યની વિવિધ બાબતો અને પાસાઓ વિશે વ્યાપક, સચોટ, ભરોસાપાત્ર અને વન સ્ટોપ માહિતી પ્રદાન કરતા આધુનિક ગુજરાત ઈન્ડિયા પોર્ટલની શરૂઆત મુખ્યમંત્રીશ્રીએ કરાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ પહેલોની શરૂઆત કરાવવતા કહ્યું કે, લોકોનું ભલું કરવાનું અને સારૂં કરવાની ખેવના સાથે કાર્તવ્યરત રહિને જ સુશાસનની સાચી દિશા પ્રાપ્ત થઈ શકે છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં શરૂ કરેલી આ બધી જ નવીનતમ પહેલો વિશે લોકો તેમના ફીડબેક આપતા રહે તેમ-તેમ આ પહેલોને વધુને વધુ લોકભોગ્ય બનાવવાનું પણ સતત ચિંતન-મંથન થાય તેવી પ્રેરણા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી કાર્યાલયમાં લીધેલા આ બધા જ ઈનિશિએટિવ્ઝ સરવાળે તો જનહિતકારી શાસન દાયિત્વ નિભાવવાની પ્રતિબદ્ધતા સાથે શરૂ થયા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓ, કર્મયોગીઓને પોતાને સોંપાયેલી કામગીરીનું સતત મૂલ્યાંકન-અવલોકન કરતા રહેવા અને ઉત્કૃષ્ટ યોગદાનથી રાજ્ય સરકારનું ગૌરવ વધારતા રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે આ સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનું દ્રષ્ટાંત આપતા કહ્યું કે, એક જ વ્યક્તિ દેશમાં કેટલા અને કેવા મોટા બદલાવ લાવી શકે તે વડાપ્રધાનશ્રીની કાર્યશૈલીમાંથી શીખવાનું છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ગત વર્ષ ૨૦૨૩ના સુશાસન દિવસે વાધવાણી ઈન્સ્ટિટ્યૂટ અને સી.એમ.ઓ. વચ્ચે ડેટા ડ્રિવન ગવર્નન્સ અને ડેટા ક્વોલિટી સુધરે અને ડેશબોર્ડ તથા અન્ય જગ્યાએ સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ લાગુ કેવી રીતે કરી શકાય તે માટે બે વર્ષના એમ.ઓ.યુ. થયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ આજથી શરૂ થશે





## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેચના સમય ભારતીય સમય અનુસાર ટોસ સવારે ૪.૩૦ કલાક હશે

। (એજન્સી) મોલબોર્ન, તા.૨૫ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચની ટેસ્ટ સિરીઝ ડ્રામા અને એક્શનથી ભરપૂર હોવાની અપેક્ષા હતી. આ પ્રથમ ત્રણ મેચમાં જોવા મળ્યું છે અને મેલબોર્નમાં યોજાનારી ચોથી મેચમાં તેમાં વધુ વધારો થવાની આશા છે. જસપ્રીત બુમરાહના મેચ-વિનિંગ સ્પેલ અને કેએલ રાહુલે તેના ટીકાકારોના મોઢા બંધ કરી દીધો તો બીજી તરફ ટ્રાવિસ હેડે ભારતીય ખેલાડીઓને તોડી નાંખ્યા એટલું જ નહીં મોહમ્મદ સિરાજ સાથે તેનો વિવાદ જેવી હાઈવોલ્ટેજ ડ્રામા અત્યાર સુધીની ૩ સિરીઝમાં જોવા મળી છે. ત્યારે હજુ બે ટેસ્ટ મેચ બાકી છે. આવી સ્થિતિમાં સિરીઝના છેલ્લા તબક્કામાં વધુ ડ્રામા જોવા મળી શકે છે. ભારતે પર્થમાં પ્રથમ ટેસ્ટ જીતી હતી. ઓસ્ટ્રેલિયાએ એડિલેડમાં બીજી ટેસ્ટ જીતીને સિરીઝમાં વાપસી કરી છે. બ્રિસ્બેનમાં ત્રીજી મેચ ડ્રો રહી હતી. હવે



ચોથી મેચ વધુ રોમાંચક બની શકે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેલબોર્નના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ૨૬ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન રમાશે. ઓસ્ટ્રેલિયામાં અલગ-અલગ ટાઈમ ઝોનને કારણે દરેક શહેરના સમયમાં થોડો તફાવત છે. આ કારણે અલગ-અલગ શહેરોમાં મેચનો સમય પણ અલગ-અલગ હોય છે. પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચ સવારે ૭.૫૦ વાગ્યે શરૂ થઈ હતી. એડિલેડમાં સવારે ૯.૩૦ કલાકે ડે-નાઈટ ટેસ્ટ મેચ શરૂ થઈ હતી. બ્રિસ્બેનમાં ત્રીજી મેચ દરમિયાન, દિવસની રમતનો સમય સવારે ૫:૫૦ હતો. હવે મેલબોર્નમાં પણ મેચનો સમય બદલાઈ ગયો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેચના સમય ભારતીય સમય અનુસાર ટોસ સવારે ૪.૩૦ કલાક હશે. જ્યારે મેચ વહેલી સવારે ૫ વાગ્યે શરૂ થશે. બોક્સિંગ ડે ટેસ્ટનું સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. તે ડિઝની પ્લસ હોટસ્ટાર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન પર પણ લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે. મેચનું દૂરદર્શન સ્પોર્ટ્સ પર પણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. સ્ટાર સ્પોર્ટ્સના બંને પ્લેટફોર્મ પર ફેન્સ ફ્રીમાં મેચ જોઈ શકશે નહીં. ડીડી ફ્રી ડીશ ધરાવતા દર્શકો ડીડી સ્પોર્ટ્સ પર આ મેચ ફ્રીમાં જોઈ શકે છે.

### ન્યૂઝ બ્રિફ

## નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ ઉડાન યાત્રી કાફેનું લોકાર્પણ કર્યું




। (એજન્સી) કોલકાતા, તા.૨૫ ।

નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર 'ઉડાન યાત્રી કાફે'નું લોકાર્પણ કર્યું. આ પહેલનો ઉદ્દેશ્ય હવાઈ મુસાફરીને વધુ સસ્તી બનાવવાનો છે. આ પ્રકારના કાફે મુસાફરોને તેમના બજેટમાં ભોજનની સાથે હવાઈ મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે વધુ સારો પ્રયાસ પણ કરશે. આ કાફેમાં પાણીની બોટલ, ચા, કોફી, સમોસા અને મીઠાઈ જેવી વસ્તુઓ ખૂબ જ સસ્તા દરે મળશે. તમને જણાવી દઈએ કે, પાણીની બોટલ રૂ.૧૦માં, ચા રૂ. ૧૦માં, કોફી રૂ. ૨૦માં, સમોસા રૂ. ૨૦માં અને સ્વીટ રૂ. ૨૦માં મળશે. નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે, એરપોર્ટ પર સસ્તા અને ગુણવત્તાયુક્ત ભોજન-નાસ્તાની આ સુવિધા સામાન્ય મુસાફરોના અનુભવને સુધારવાના અમારા પ્રયાસોનો એક ભાગ છે. આ દરમિયાન મંત્રીએ કહ્યું કે દરેક ભારતીય માટે હવાઈ મુસાફરી સરળ અને આરામદાયક બનાવવાનું તેમનું મિશન છે. તેમણે કહ્યું કે ઉડાન યાત્રી કાફે માત્ર ફૂડ આઉટલેટ નથી, પરંતુ તે મુસાફરીને લોકપ્રિય બનાવવાની દિશામાં એક મોટી પહેલ છે. તેમણે વધુમાં કહ્યું કે અમે એ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે દરેક મુસાફરને કોઈપણ ભેદભાવ વિના વધુ સારી સેવાઓ મળે અને વિશેષ અનુભવ થાય.

## દક્ષિણ ભારતમાં ભાજપને મોટા ઝટકાની તૈયારી

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૫ ।

કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના સહયોગી પક્ષ પીએમકે નારાજ થયું હોવાના અહેવાલો મળ્યા છે. ઉત્તર તમિલનાડુના વન્નિયાર સમુદાયમાં વર્ચસ્વ ધરાવતા પીએમકેએ મુખ્યમંત્રી સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકેને ઓફર આપી સૌ કોઈને ચોંકાવી દીધા છે. પીએમકેએ જણાવ્યું કે, જો વન્નિયાર સમુદાયને અતિ પછાત વર્ગ (એમબીસી) ક્વોટામાં ૧૫ ટકા અનામત આપવામાં આવે તો તે તમિલનાડુની ડીએમકે સરકારને સમર્થન આપવા તૈયાર છે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકે કેન્દ્રીય સ્તરે વિપક્ષ I.N.D.I.A ગઠબંધનનો હિસ્સો છે. જો પીએમકે ડીએમકે સાથે જોડાઈ તો તમિલનાડુના રાજકારણમાં મોટો બદલાવ જોવા મળી શકે છે. પીએમકે અધ્યક્ષ અંબુમણિ રામદાસે જણાવ્યું હતું કે, જો ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલાં વન્નિયાર સમુદાયને અનામત આપવામાં આવે તો તે ડીએમકે પક્ષને સમર્થન આપશે. સંપૂર્ણપણે સમર્થન આપવાની શરતે પીએમકેએ ડીએમકેની સામે કોઈ પણ બેઠક પર ચૂંટણી ન લડવાનો નિર્ણય પણ જણાવ્યો છે. તમિલનાડુમાં હાલ ૬૯ ટકા અનામતની વ્યવસ્થા છે. જેમાં ૩૦ ટકા અનામત પછાત વર્ગ, ૨૦ ટકા અતિ પછાત વર્ગ, ૧૮ ટકા એસસી અને ૧ ટકા એસટી સમુદાયને મળે છે. જેમાં પીએમકેએ અતિ પછાત વર્ગમાં ફાળવવામાં આવેલી ૨૦ ટકા અનામતમાંથી ૧૫ ટકા અનામતની માગ કરી છે. પીએમકેએ આ માગ કરતાં સુપ્રીમ કોર્ટના આદેશનો હવાલો આપ્યો હતો કે, એસસી કેટેગરીમાં ૩ ટકા અનામત અરૂંધતીયાર સમુદાયને આપવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો છે. તેવી જ રીતે અતિ પછાત વર્ગમાં વન્નિયાર સમુદાયને સ્થાન આપી શકાય.

### ગ્રામીણ અર્થતંત્રમાં સુધારાનો સંકેત : RBI

# વર્ષ ૨૦૨૪માં મનરેગા હેઠળ કામની માંગ ઓછી

### આ વલણ ગ્રામીણ અર્થવ્યવસ્થામાં, ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં રોજગારની સ્થિતિમાં સુધારાનો સંકેત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતીય રિઝર્વ બેંકના અહેવાલ મુજબ, વર્તમાન નાણાકીય વર્ષના મોટાભાગના મહિનામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) હેઠળ કામની માંગ ઓછી રહી છે. આ વલણ ગ્રામીણ અર્થવ્યવસ્થામાં, ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં રોજગારની સ્થિતિમાં સુધારાનો સંકેત છે. RBIના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં (એપ્રિલ-નવેમ્બર) મોટાભાગના મહિનામાં મનરેગા હેઠળ કામની માંગ કરતા પરિવારોની કુલ સંખ્યા મહામારી પછીના વર્ષોની તુલનામાં ઓછી રહી છે. આ યોજના એવા પરિવારોને વાર્ષિક ઓછામાં ઓછા ૧૦૦ દિવસની બાંયધરીકૃત વેતન રોજગારી પ્રદાન કરે છે કે જેના પુખ્ત સભ્યો અકુશળ મેન્યુઅલ કામ સ્વેચ્છાએ કરે છે. RBIએ નોંધ્યું કે, નવેમ્બર ૨૦૨૪માં મનરેગા કાર્યની માંગમાં મહિના-દર-મહિને (m-o-m) ૮.૨ ટકા



અને વર્ષ-પ્રતિ-વર્ષ (y-o-y) ૩.૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જે મોટાભાગે રવિ વાવણી પૂર્ણ થવાને કારણે હતું, એપ્રિલથી નવેમ્બર ૨૦૨૪ સુધીની એકંદર માંગ મહામારી પછીના વર્ષોની સરખામણીમાં ઓછી રહી છે. અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું કે, ઓક્ટોબર ૨૦૨૪માં, મનરેગા હેઠળ કામની માંગમાં ૭.૫ ટકાનો ઘટાડો થયો છે, જેનું કારણ ખરીફ લણણીની ઋતુમાં ઉચ્ચ કૃષિ ક્ષેત્રના રોજગારમાં વૃદ્ધિ છે. આ ઘટાડો ગ્રામીણ રોજગાર માર્કેટમાં વ્યાપક સુધારસાથે સુસંગત છે. ૨૯ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં, મનરેગા હેઠળ નોંધાયેલા કામદારોની કુલ સંખ્યા ૨૫.૧૭ કરોડ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં નોંધાયેલા ૨૫.૬૮ કરોડ કામદારો કરતાં થોડી ઓછી છે. આ દરમિયાન, અહેવાલમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે સંગઠિત ઉત્પાદન ક્ષેત્રે રોજગારમાં સતત વૃદ્ધિ જોવા મળી છે. પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) સૂચવે છે કે, આ સેક્ટરમાં રોજગારીનું સર્જન સતત નવ મહિનાથી વધ્યું છે. સેવા ક્ષેત્રમાં પણ રોજગારમાં ઉછાળો આવ્યો છે, સર્વેક્ષણની શરૂઆત પછી રોજગાર સર્જન તેની સૌથી ઝડપી ગતિ વધી રહ્યું છે. વેતન સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ગ્રામીણ સંકટ ઘટાડવા માટે શરૂ કરાયેલા મનરેગા કાર્યક્રમમાં છેલ્લા કેટલાક વર્ષોમાં માંગમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે, જે મોસમી કૃષિ પ્રવૃત્તિઓ અને વ્યાપક આર્થિક વલણોથી પ્રભાવિત છે. તાજેતરના ડેટા ગ્રામીણ અર્થવ્યવસ્થામાં સુધારો સૂચવે છે, જોકે આર્થિક અનિશ્ચિતતાના સમયગાળા દરમિયાન ગ્રામીણ પરિવારો માટે મનરેગા એક મહત્ત્વપૂર્ણ સુરક્ષા કવચ બનેલું છે.

### ચૂંટણી પહેલાં અરવિંદ કેજરીવાલનો દાવો

# આતિશીની ધરપકડ થઈ શકે છે અને મારા ઘરે પણ દરોડા પડશે

### અરવિંદ કેજરીવાલે આશંકા વ્યક્ત કરી કે, ટ્રાન્સપોર્ટ વિભાગના એક કેસ હેઠળ આવું કરવામાં આવી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં ચૂંટણી પહેલા આશંકા વ્યક્ત કરી છે કે મુખ્યમંત્રી આતિશીની ધરપકડ થઈ શકે છે. કેજરીવાલે બુધવારે આતિશી, મનીષ સિસોદિયા અને સંજય સિંહ સાથે પ્રેસ કોન્ફરન્સ કરીને દાવો કર્યો છે કે, ફરી મારા પર દરોડા પડશે. કેજરીવાલે આશંકા વ્યક્ત કરી કે, ટ્રાન્સપોર્ટ વિભાગના એક કેસ હેઠળ આવું કરવામાં આવી શકે છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મને સૂત્રો પાસેથી માહિતી મળી છે. પૂર્વ સીએમએ કહ્યું, 'અમને અમારા સૂત્રો પાસેથી ૩-૪ દિવસ પહેલા ખબર પડી હતી કે ED, CBI અને ઈક્મ ટેક્સની મીટિંગ થઈ હતી. તે મીટીંગમાં ઉપરથી આદેશ આવ્યો કે કોઈ પણ નકલી કેસ કરીને આતિશીની ધરપકડ કરવામાં આવે. હું સંપૂર્ણ જવાબદારી સાથે આરોપ લગાવું છું કે, આ ત્રણેય એજન્સીઓને કહેવામાં આવ્યું છે કે કોઈ પણ નકલી કેસ દાખલ કરીને આતિશીની ધરપકડ કરો. AAP સુપ્રીમોએ કહ્યું કે, 'ચૂંટણી તૈયારીઓથી રોકવા માટે મારા પર, મનીષ સિસોદિયા, સંજય સિંહ, આતિશી, સૌરભ ભારદ્વાજ




પર દરોડા પાડવામાં આવશે. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે ટ્રાન્સપોર્ટ વિભાગમાં નકલી કેસ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તેમનો ઈરાદો મહિલાઓ માટે મફત મુસાફરી બંધ કરવાનો છે. ટ્રાન્સપોર્ટ વિભાગમાં ખોટો કેસ તૈયાર કરવામાં આવી રહ્યો છે. અમને ખાતરી છે કે લોકો ગંદા ષડયંત્રનો જવાબ આપશે. દેશની જનતા આ પ્રકારની રાજનીતિ પસંદ નથી કરતી.' આતિશીએ કહ્યું, અમને પાક્કી માહિતી મળી છે કે દિલ્હીમાં મહિલાઓ માટે મફત મુસાફરી બંધ કરવા માટે ટ્રાન્સપોર્ટ વિભાગમાં એક બનાવટી કેસ દ્વારા મારી વિરુદ્ધ નકલી કેસ દાખલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અમે હંમેશા ઈમાનદારી સાથે કામ કર્યું છે અને હંમેશા કરતા રહીશું. મને વિશ્વાસ છે કે જો એજન્સીઓ મારી ધરપકડ કરશે તો આખરે સત્ય બહાર આવશે.

### ૨૫,૦૦૦ વર્ગ ફૂટમાં બનશે ફૂડ કોર્ટ

## મહાકુંભમાં વિવિધ રાજ્યોમાંથી ખાણી-પીણીનો સંગમ જોવા મળશે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૫ ।

આ વખતે ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના સંગમ પર યોજાનાર મહાકુંભમાં વિવિધ રાજ્યોમાંથી ખાણી-પીણીનો સંગમ જોવા મળશે. ઉત્તર પ્રદેશ રાજ્ય પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ (UPSTDC) PPP મોડ પર પ્રવાસીઓ અને ભક્તો માટે બે ફૂડ કોર્ટ તૈયાર કરી રહ્યું છે. પ્રથમ ફૂડ કોર્ટ સીએમપી ડિગ્રી કોલેજની સામે (પ્રયાગરાજમાં) લગભગ ૨૫ હજાર ચોરસ ફૂટ જમીન પર બનાવવામાં આવશે. તેમાં સ્થાનિક અને વિવિધ પ્રાંતોની પ્રખ્યાત શાકાહારી વાનગીઓ ઉપલબ્ધ થશે. તેમાં ૧૫ બાય ૧૫ ચોરસ ફૂટની ૨૫ દુકાનો હશે, જેમાં ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ થશે. અહીં અલગ-અલગ રાજ્યોની ડીશ મળશે. મહાકુંભમાં વિવિધ પ્રાંતો અને વિશ્વભરમાંથી પ્રવાસીઓ આવશે. આવી સ્થિતિમાં તેમને તેમનું મનપસંદ ભોજન આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરેડ ગ્રાઉન્ડમાં બીજું ફૂડ કોર્ટ બનાવવામાં આવી રહ્યું છે. મહાકુંભમાં દેશ-વિદેશમાંથી અંદાજે ૪૦ થી ૫૦ કરોડ ભક્તો-પ્રવાસીઓ આવવાની સંભાવના છે. તેમને વધુ સારો અનુભવ આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પર્યટન અને સંસ્કૃતિ મંત્રી જયવીર સિંહે કહ્યું કે મહાકુંભ-૨૦૨૫ની તૈયારીઓ લગભગ અંતિમ તબક્કામાં છે. સરકાર આ પ્રસંગને ભવ્ય અને દિવ્ય બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. પ્રવાસીઓ માટે સ્નાન, ધ્યાન, ફરવા, રોકાણ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઘણા ટેન્ટ સિટી તૈયાર કરવામાં આવી રહ્યા છે. મહાકુંભની સાથે પ્રયાગરાજ, અયોધ્યા, કાશી, વિંધ્યાચલ વગેરે સ્થળોની મુલાકાત લેવા માટે પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે. IRCTC ટેન્ટ સિટી મોટી સંખ્યામાં મહેમાનોને હેન્ડલ કરવા માટે વિવિધ ટેન્ટ ઓપ્શન પ્રદાન કરશે. ટેન્ટ માટે રિઝર્વેશન IRCTC ની સત્તાવાર વેબસાઈટ www.irctctourism.com દ્વારા કરી શકાય છે. પ્રવાસીઓ તેમની પસંદગીની તારીખ અને આવાસ પસંદ કરી શકે છે.

### હકીકત જાણી સરકાર હચમચી ગઈ

# સેલેરી ફક્ત ૧૩ જ હજાર, પોતે ચલાવતો BMW અને ગર્લફ્રેન્ડને ગિફ્ટ કર્યો 4BHK

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

એક દિવસ માત્ર ૧૩ હજાર રૂપિયામાં કામ કરનાર વ્યક્તિ અચાનક લક્ઝરી કારમાં મુસાફરી કરવા લાગે છે. તેનો એક મિત્ર ૩૫ લાખ રૂપિયાની એસયુવી કાર ખરીદે છે. એટલું જ નહીં તેણે તેની ગર્લફ્રેન્ડને ૪ BHK ફ્લેટ પણ ગિફ્ટ કર્યો હતો. આ બધું જોઈને આસપાસના લોકોની ઊંઘ ઊડી ગઈ. આ બધું કેવી રીતે બન્યું તે તેમના માટે માનવું મુશ્કેલ હતું. પછી એવી કહાની સામે આવી કે જેણે પણ સાંભળ્યું તેના પગ નીચેથી જમીન સરકી ગઈ. આ બધું મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાંથયું. હર્ષકુમારક્ષીરસાગર નામના કોન્ટ્રાક્ટ કર્મચારીએ સરકાર સાથે ૨૧ કરોડ ૫૯ લાખ ૩૮ હજાર રૂપિયાની છેતરપિંડી કરી હતી. કૌભાંડનો પર્દાફાશ થયા બાદ આરોપીઓની સંપત્તિનો ખુલાસો થયો હતો. ૧૩ હજારના કોન્ટ્રાક્ટ પર કામ કરતા બે કર્મચારીઓએ છત્રપતિ સંભાજીનગર ડિપાર્ટમેન્ટલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના વહીવટીતંત્ર સાથે ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા ૨૧ કરોડ ૫૯ લાખ ૩૮ હજાર રૂપિયાની છેતરપિંડી કરી હતી. આ પૈસાથી આરોપીએ BMW કાર, મ્સ્ઉ બાઈક ખરીદી હતી અને તેની ગર્લફ્રેન્ડ માટે એરપોર્ટની સામેના એપાર્ટમેન્ટમાં 4 BHK ફ્લેટ પણ ખરીદ્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ શહેરના એક નામાંકિત જ્વેલરને હીરાના ચશ્મા બનાવવાનો ઓર્ડર પણ આપ્યો હતો. મરાઠીમાં છપાયેલા સમાચાર અનુસાર, અન્ય મહિલા કોન્ટ્રાક્ટ વર્કરના પતિએ ૩૫ લાખ રૂપિયાની એસયુવી કાર ખરીદી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે. મુખ્ય આરોપીનું નામ હર્ષ કુમાર અનિલ ક્ષીરસાગર છે અને તે એસયુવી કાર લઈને ભાગી ગયો હતો. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે સરકાર તરફથી મળેલ ફંડ જમા કરાવવા માટે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નામે ઈન્ડિયન બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું હતું.

## બોક્સિંગ ડે ટેસ્ટ અગાઉ બનાવ્યો અદભૂત રેકોર્ડ

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૫ ।

એક તરફ ભારતીય ટીમ બોક્સિંગ ડે ટેસ્ટની તૈયારીમાં વ્યસ્ત છે અને મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાવાની છે તો બીજી તરફ જસપ્રીત બુમરાહે ઈતિહાસ રચ્યો છે. ભારતના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામેની ઁઝઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સીરિઝની ત્રીજી મેચમાં શાનદાર પ્રદર્શન કરીને ૯ વિકેટ ઝડપી હતી. આ સાથે તે ટેસ્ટ ઈતિહાસમાં સૌથી વધુ રેટિંગ પોઈન્ટ મેળવનાર સંયુક્ત રીતે પ્રથમ ભારતીય બની ગયો છે. ગાબા ટેસ્ટમાં ૯૪ રનમાં ૯ વિકેટ લઈને તેણે તેના રેટિંગ પોઈન્ટ્સમાં ૧૪ પોઈન્ટનો ઉમેરો કર્યો અને હવે તેના ૯૦૪ રેટિંગ પોઈન્ટ્સ છે. અગાઉ તાજેતરમાં નિવૃત્ત થયેલા રવિચંદ્રન અશ્વિને ડિસેમ્બર ૨૦૧૬માં ઈંગ્લેન્ડ સામે મુંબઈમાં રમાયેલી ચોથી ટેસ્ટ બાદ આટલા જ પોઈન્ટ હાંસલ કર્યા હતા. બુમરાહે સીરિઝમાં અત્યાર સુધી ૨૧ વિકેટ લીધી છે, જેના કારણે તેને બોલિંગ રેંક્રિંગમાં ટોચના સ્થાને ૪૮ રેટિંગ પોઈન્ટ્સ વધારવામાં પહોંચાડવામાં મદદ મળી છે. કગિસો રબાડા (૮૫૬) અને જોશ હેઝલવુડ (૮૫૨) બીજા અને ત્રીજા સ્થાને છે. મોહમ્મદ સિરાજ આ યાદીમાં એક સ્થાન આગળ વધીને ૨૪માં સ્થાને પહોંચી ગયો છે અને બોલરોની યાદીમાં ટ્રેવિસ હેડ ટોપ ૧૦૦માં સામેલ થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સ ૮૨૨ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે.

## અઝરબૈજાન એરલાઇન્સનું પ્લેન ક્રેશ થતાં ૬૬ લોકોના મોત

। (એજન્સી) કઝાકિસ્તાન, તા.૨૫ ।

અઝરબૈજાન એરલાઈન્સની ફ્લાઈટ ક્રેશનો મામલો સામે આવ્યો છે. આ વિમાને બાકુ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, જેમાં ૭૨ થી વધુ મુસાફરો હતા. આ પ્લેન રશિયાના ચેચન્યામાં ગ્રોઝની જવાનું હતું, પરંતુ ગ્રોઝનીમાં ધુમ્મસને કારણે તેનો રૂટ બદલવામાં આવ્યો હતો. કઝાકિસ્તાનના કટોકટી મંત્રાલયે બુધવારે અહેવાલ આપ્યો હતો કે ૭૨ થી વધુ લોકો સાથેનું વિમાન કઝાકિસ્તાનના અક્તાઉ શહેરની નજીક ક્રેશ થયું છે, છ મુસાફરો બચી ગયા છે, જ્યારે અનેક લોકોના મોતની આશંકા છે. અક્તાઉ એરપોર્ટ નજીક વિમાન ક્રેશ થયું હોવાના અહેવાલ છે. જે બાદ માહિતી મળી હતી કે આ વિમાન દુર્ઘટનામાં ૬૬ લોકોના મોત થયા છે. એમ્બ્રેર ૧૯૦, અઝરબૈજાન એરલાઈન્સની ફ્લાઈટ નંબર ૮૨૪૩માં ક્રૂ મેમ્બર સહિત ૭૨ લોકો સવાર હતા. જણાવવામાં આવ્યું હતું કે કઝાક શહેર અક્તાઉથી લગભગ ૩ કિલોમીટર દૂર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. કઝાકિસ્તાનના અધિકારીઓએ જણાવ્યું હતું કે સંભવિત તકનીકી સમસ્યા સહિત ઘટનાના કારણની તપાસ કરવામાં આવી રહી છે. કઝાકિસ્તાનના કટોકટી મંત્રાલયે બાદમાં જણાવ્યું હતું કે ક્રેશ બાદ આગ લાગી હતી. જેને ફાયર સર્વિસે સમયસર ઓલવી દીધી હતી અને બચી ગયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી હતી. વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પ્લેન ઝડપથી જમીન તરફ આવી રહ્યું છે અને થોડી જ સેકન્ડમાં તે અકસ્માતનો ભોગ બને છે.

## સેક્સ પિલ ખાઈને ૭ કલાક શરીર સુખ માણવાના ચક્કરમાં પ્રેમિકાનું મોત થયું

। (એજન્સી) કાનપુર, તા.૨૫ ।

યુપીના કાનપુરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક યુવકે સેક્સવર્ધક દવા ખાઈને કિશોરી સાથે બે વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન સાત કલાક સુધી નગ્ન રાખવાના કારણે ઠંડીના કારણે સગીરાનું મોત થયું હતું. પોલીસે પ્રેમીની પૂછપરછ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ આ ખુલાસો કર્યો હતો. શિવરાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામના રહેવાસી શુક્રવારે પોતાની પુત્રીને ઘરે એકલી મૂકીને સંબંધીના ઘરે લગ્ન માટે ગયા હતા. ત્યારબાદ યુવતી પડોશમાં બીજા ઘરમાં રહેતા તેના મોટા ભાઈની પાંચ વર્ષની પુત્રીને પોતાની સાથે સુવા માટે લાવી હતી. શનિવારે સવારે તેનો મૃતદેહ ખાટલા પર અર્ધ નગ્ન અવસ્થામાં મળી આવ્યો હતો. રાત્રે મૃતક યુવતી સાથે સૂઈ ગયેલા મોટા ભાઈની પુત્રીએ જણાવ્યું કે રાત્રે એક યુવક આવ્યો હતો. તેના આધારે પોલીસે તેના ગામથી ૨૦ કિમી દૂર નેવાડા ગામમાં રહેતા કુલદીપ કુમાર ઉર્ફે શોભિતને પકડી લીધો હતો. પછી આરોપીએ કહ્યું કે તેના ઘરે કોઈ નહોતું. આ કારણોસર તે રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ તેના ઘરે પહોંચ્યો હતો અને સવારે યુવતીની તબિયત બગડેલી જોઈને ભાગી ગયો હતો. પ્રેમીએ શારીરિક સંબંધ બનાવવા માટે યુવતીને લગભગ સાત કલાક સુધી નગ્ન રાખી હતી.

## તંત્રી લેખ...

# જતાં જતાં યુનુસ સરકારને પાઠ ભણાવ્યા

બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત અન્ય લઘુમતિઓ ઉપર થઈ રહેલા હુમલાઓ પ્રત્યે અમેરિકી પ્રશાસનનું વલણ કઠોર બનતું જાય છે. તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુવિલાને, મોહમ્મદ યુનુસને કોલ કરી બાંગ્લાદેશમાં બગડતી જતી માનવ અધિકારોની સ્થિતિ અને લોકતંત્ર અંગે ચિંતા વ્યક્ત કરી હતી.ઉલ્લેખનીય છે કે જ્યારે જો બાયડેન વ્હાઈટ હાઉસમાં હવે થોડા દિવસ જ છે. તેવે સમયે આ કોલ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતિઓ ઉપર થતા જુલ્મોથી પ્રમુખ જો બાયડેન ઘણા જ નારાજ છે.વ્હાઈટ હાઉસે તેનાં નિવેદનમાં સ્પષ્ટ કહ્યું છે કે માનવ અધિકારીઓની રક્ષા કરવી તે કોઈ પણ સરકારની સર્વપ્રથમ જવાબદારી છે.આ સાથે યુનુસ સરકારને ચેતવણી આપી છે કે ધર્મ નીતિ અને કોઈપણ પ્રકારના ભેદભાવ રાખ્યા સિવાય તેના દેશમાં લઘુમતીઓ પર થતા જુલ્મો નિવારવા નક્કર પગલાં લેવાં જોઈએ.ફોન ઉપર જેક સુલિવાન સાથે થયેલી વાતચીતમાં યુનુસે તેમને તે અંગે નક્કર પગલાં લેવા ખાતરી પણ આપી હતી. પરંતુ પ્રશ્ન તે છે કે ખાતરી હકીકતમાં ફેરવાશે કેમ કેમ ?બીજી તરફ છેલ્લા કેટલાક મહિનાઓથી, બાંગ્લાદેસમાં હિન્દુઓ અને અન્ય લઘુમતિઓ ઉપર થઈ રહેલા હુમલાઓની ખબર અંતર રાષ્ટ્રીય મીડીયામાં અગ્રીમ રીતે રજૂ થઈ રહી છે. આ સાથે બાંગ્લાદેશની સરકારની આબરૂના ધજાગરા ઊડી રહ્યા છે.અમેરિકાનાં વિદેશ મંત્રાલયે તે પહેલાં પણ બાંગ્લાદેશમાં લઘુમતિઓ ઉપર થતા જુલ્મોની ઉગ્ર ટીકા કરી છે. તેમાં એ ધાર્મિક નેતા ચિન્મય કૃષ્ણદાસની ધરપકડ અને તેના વકીલો સાથે કરાયેલા દુર્વ્યવહારે અમેરિકાનું વિશેષ ધ્યાન દોર્યું છે.આ ઉપરાંત અમેરિકામાં વસતા બાંગ્લાદેશીઓએ તેમના દેસમાં લઘુમતિઓ ઉપર થતા જુલ્મો સામે દેખાવો યોજ્યા હતા. ખુદ યુનુસ સામે પણ દેખાવો થયા. હવે બાંગ્લાદેશ ઉપર આંતરરાષ્ટ્રીય દબાણ વધી ગયું છે.પ્રશ્ન તે છે કે આ બધા છતાં બાંગ્લાદેશ સુધરશે ? યુનુસે માનવ અધિકારો અને લોકતંત્રનાં રક્ષણ અંગે અમેરિકાને વચન તો આપ્યું છે, છતાં હિન્દુઓ ઉપર અને હિન્દુ ધાર્મિક સ્થળો તેમજ નેતાઓ પર થતા હુમલા અંગે મૌન સેવે છે.દુનિયાનું ધ્યાન બીજે દોરવા યુનુસે શેખ હસીનાને સોંપવા ભારત સમક્ષ માગણી મુકી છે. તો બીજી તરફ કરોડો રૂપિયાનું વીજળી બિલ ભારતને ચુકવવામાં ડખા કરે છે.

## નવા વર્ષમાં એઆઈથી કેટલું બદલાશે આપણું જીવન?

હાલમાં જ ઓપનએઆઇ અને ગૂગલ વચ્ચે એક મુકાબલો થયો જેમાં ગૂગલે ૧૨ દિવસોનો નવાચાર પડકાર ફેક્યો હતો અને પછી પોતાના જેમિની-૨ એઆઇ મોડલ સાથે મેદાનમાં આવ્યું. આ પ્રતિસ્પર્ધાઓથી આગળ ૨૦૨૫ અને તેના પછીના ચાર એઆઇ વલણોની ચર્ચા કરીશું જે દર્શાવે છે કે કેવી રીતે મનુષ્ય અને એઆઇ જીવન, કામ અને સંબંધો સંદર્ભે એકબીજાની નજીક આવશે. પહેલું વલણ, હવે કોડિંગ નવી અંગ્રેજી છે. પહેલાંની પેઢીને કહેવાતું કે અંગ્રેજી શીખવું સફળતાનો પાસપોર્ટ છે. પણ હવેની પેઢીને કહેવાય છે કે કોડિંગ શીખવું સફળતાનો પાસપોર્ટ છે. આ પ્રકારે કોડિંગ નવી અંગ્રેજી બની ગયું. એ જ કારણે ૧૦ વર્ષના બાળકોને પણ પાઈથન અને જાવા સ્ક્રીપ્ટ શીખવા માટે કોડિંગ કેમ્પોમાં ઘસડવામાં આવે છે. જનરેટિવ એઆઇના આગમનની સાથે તસવીર બદલાઈ ગઈ. હવે દર વખતે જ્યારે આપણે ચેટજીપીટી કે એના જેવી કોઈ ચીજ સાથે સંવાદ કરીએ છીએ તો વાસ્તવમાં આપણે 'કોડિંગ' જ કરીએ છીએ! એટલેકે આપણા કેટલાક કામ માટે આપણે નિર્દેશ આપીએ છીએ, ચાહે તે વીડિયો બનાવવો હોય કે લેખન કરવાનું હોય. આપણે તેની સાથે મશીની ભાષાને બદલે આપણી કુદરતી માનવીય ભાષામાં વાત કરવા લાગીએ છીએ. આ બહુ મોટો બદલાવ છે, કારણ કે તેમાં કોડિંગને લોકતાંત્રિક બનાવવા અને આઠ અબજ લોકોને કોડ કરવાની ક્ષમતા છે. કદાચ એટલે જ માઈક્રોસોફ્ટના સત્યા નડેલા કહે છે કે મશીનની ભાષા શીખવાને બદલે હવે મશીનોએ તમારી ભાષા શીખવી પડશે. એનવીડિયાના જેન્સન હુઆંગ પણ એની સાથે સહમત છે અને કહે છે કે એઆઇની અસલી ક્ષમતા એ છે કે આપણામાંથી કોઈને પણ કોડિંગ શીખવાની જરૂર નહીં પડે. આ પ્રકારે હવે અંગ્રેજી કે કોઈપણ અન્ય પ્રાકૃતિક ભાષા નવી કોડિંગ ભાષા બની જાય છે. બીજું વલણ, એઆઇ નવી યુઆઇ છે, એટલે કે એઆઇ નવું યુઝર ઈન્ટરફેસ બની જશે. બિલ ગેટ્સે નવેમ્બર ૨૦૨૩માં ભવિષ્યવાણી કરી હતી - તમને અલગ-અલગ કામ માટે અલગ-અલગ એપ ઉપયોગ નહીં કરવી પડે. તમે તમારા ડિવાઈસને રોજિંદા ભાષામાં જણાવી દેશો કે તમે શું કરવા માગો છો. અસલમાં યુઆઇ એ માધ્યમછે જેનાથી માણસ અને મશીનો એકબીજા સાથે સંવાદ કરે છે. સરળ યુઆઇને કારણે મશીનની સાથે વધુ તજ, સહજ અને ઉત્પાદક સંબંધ બનાવવો સંભવ થયું છે. એઆઇ આવવાથી યુઆઇ આપણા અવાજથી સંચાલિત થશે, એવી જ રીતે જાણે આપણે કોઈ બીજા માણસ સાથે સંવાદ કરીએ છીએ. આપણે આપણા રોજિંદા કામો માટે ચેટજીપીટી કે જેમિની સાથે વાત કરીશું. આપણાં ઉપકરણ બદલાઈ જશે, જેમાં મોટી સ્ક્રીનની જગ્યાએ અવાજ મુખ્ય થઈ જશે. ત્રીજું વલણ, એઆઇ અને માણસ નવા નિર્માતા છે. જનરેટિવ એઆઇ એવી ટેકનિક છે, જે કલા, કવિતા, લેખન જેવા રચનાત્મક કામ કરી શકે છે. તેનાથી માણસોની નોકરી પર સંકટ વધી ગયું, કારણ કે રચનાત્મકતાને એક વિશિષ્ટ માનવીય કૌશલ માનવામાં આવતી હતી. જોકે જનરેટિવ એઆઇ માણસોમાં રચનાત્મકતા વધારવાનું જ કામ કરશે. જેમ કે ગયા અઠવાડિયે જારી કરવામાં આવેલ ઓપનએઆઇના સોરાને જ લઈ લો. જ્યારે સેમ ઓલ્ટમેને એક વર્ષ પહેલાં ટ્વિટર પર તેનો ઉલ્લેખ કરતાં લોકોને કઈ પ્રકારના ક્રિએટિવ વીડિયો બનાવવાનાં સૂચન માગ્યાં તો ભારતીય ઉદ્યમી કુણાલ શાહે 'સમુદ્રમાં સાયકલ રેસની કલ્પના કરી, જેમાં સાયકલ ચલાવતાં અલગ-અલગ જાનવર દેખાય' એવ સંકલ્પ કર્યો. સોરાએ તેનો શાનદાર વીડિયો બનાવી દીધો! દેખીતં છે આ સોરા નહીં પરંતુ કુણાલની રચનાત્મકતા કહેવાય. સ્પષ્ટ છે કે મનુષ્ય અને એઆઇ મળીને રચનાત્મકતાના નવા યુગનું સર્જન કરશે. ચોથું વલણ, એઆઇ નવા ગ્રાહક બનાવે છે. ઔદ્યોગિક ક્રાંતિ પોતાની સાથે લેણદેણ કરનારા ઔદ્યોગિક ગ્રાહક લઈને આવી, જે કદાચ જ ક્યારેક ટેકનિકનો ઉપયોગ કરતા હતા, જ્યારે ઈન્ટરનેટે ડિજિટલ સંચાલિત ગ્રાહક તૈયાર કર્યા. એઆઇના આ યુગમાં એક નવા પ્રકારના ગ્રાહક ઉભરશે, જે નિતાંત નિજતાના યુગમાં જીવશે અને એઆઇ તેની જરૂરિયાતો અને બ્રાન્ડ-સંબંધનું અનુમાન એક સહયોગી તરીકે કોઈ ભાવનામાં વહી ગયા વિના કરશે. તેનો મતલબ એ છે કે કારોબાર અને માર્કેટિંગમાં મોટો બદલાવ આવશે. દેખીતું છે કે આ બધું આપણી જીવનશૈલી પર ઘણી અસર કરશે.

**આપણે અગાઉ પણ વાત કરી કે સૂર્ય ચંદ્ર કોઈ દિવસ રજા રાખતા નથી, અને નિયત સમયે જ તેનો ઉદય અને અસ્ત હોય છે**

# જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા! નરસિંહનું અંતર આત્માને જગાડતું પદ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દરેક દિવસ દરેકે દરેકના સરખા નથી જતા એમાં કોઈ દિવસ એટલે કે સંજોગ ખાટા દહી જેવા પણ હોય, દહીં શબ્દ પ્રયોગ અહીં ભોગવાદી માટે વપરાયો છે, ઘી શબ્દ આપણે ત્યાં જ્ઞાન માટે વપરાય છે, કઢિયેલ દૂધ એટલે પરમ પ્રેમામૃતની વાત છે, કોઈ કોઈ દિવસ જીવ ભોગમાં રચ્યો પચ્યો રહે છે, કોઈ કોઈ વાર જ્ઞાનની વાતો કરે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિયાળાની કડકડતી ઠંડીની શીશિર ઋતુ ચાલે છે. એના ગુણધર્મ પ્રમાણે ઠંડી વધતી જાય છે. એટલે એ રીતે જોઈએ તો પ્રકૃતિ પણ જાગૃત છે, આપણે અગાઉ પણ વાત કરી કે સૂર્ય ચંદ્ર કોઈ દિવસ રજા રાખતા નથી, અને નિયત સમયે જ તેનો ઉદય અને અસ્ત હોય છે. એ જ રીતે ઋતુઓ પણ પોતાનું અસ્તિત્વ સમયે જ સિદ્ધ કરે છે, અને જે કંઈ ઋતુકાળમાં ફેરફાર થાય છે, તે બધા આપણે કારણે, એટલે કે પ્રકૃતિનું સંરક્ષણ ન કરી શકવાની ભૂલને કારણે થાય છે. કેટલાંય સમયથી આપણે માનવીય ત્રૂટિ અને એને કારણે આવતી સમસ્યાઓ વિશે જ ચિંતનમાં વાત કરીએ છીએ, કે જાગવું પડશે! જાગવું પડશે! પરંતુ આપણી તરફ કોઈએ આંગળી ચીંધે કે આ આપણી ભૂલ છે, અને આપણે સ્વીકારી પણ લીધી, કે હા બરાબર છે. પરંતુ ભૂલ સ્વીકારવી એ તો સારી વાત છે જ, પરંતુ ભૂલ ન થાય એની માટેનાં કોઈ નક્કર પગલા પણ લેવા પડશે. એટલે કે જાગૃતિ એક કલાક,એક દિવસની કે એક મહિનો, શું એટલી જાગૃતિ પર્યાપ્ત છે?? આવો કોઈ પ્રશ્ન થાય તો જવાબ મળશે કે, ના હો જાગૃતિ તો ક્ષણેક્ષણની હોવી જોઈએ. તો જ આગળ ઉપર જીવનમાં ફરી ભૂલ ન થાય, બાકી તો રાહ પરથી ગુમરાહ થવાની પૂરેપૂરી શક્યતા છે. આપણે ત્યાં આદ્યકવિ નરસિંહ મહેતાને જાગૃતિના કવિ તરીકેનું પણ ઉપનામ મળ્યું છે. તો આજે આપણે તેની સુપ્રસિદ્ધ રચના જાગને જાદવા વિશે થોડું ચિંતન કરીશું.

**★આદિ કવિ નરસિંહ મહેતા★**
**જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા**
**તુજ વિના ધેનમાં કોણ જાશે ?**
**ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે વળ્યા**
**વડો રે ગોવાળિયો કોણ થાશે? પ જાગને**

સ્થૂળ રીતે તો માતા જશોદા કૃષ્ણને જગાડવા માટે આ રીતે કહે છે. પરંતુ આત્મ તત્વ ને કંઈ રીતે જગાડવુ એ આ પદની મુખ્ય વાત છે.આમ તો ત્રણસોને સાઠ એવું કહી અને નરસિંહ ક્ષણેક્ષણની જાગૃતિનું મૂલ્ય અહીં મૂકે છે. વર્ષમાં એકવાર ત્રણસો ને પાંસઠ દિવસને, એકવાર ત્રણસો ચોપ્પન દિવસ હોય છે.એટલે ત્રણસોને સાઠ દિવસ લખી ને રોજની જાગૃતિ કે જાગરણની વાત કરી. દિવસને ગોવાળીયો કહ્યો એની પાછળ પણ તત્વ ચિંતન છે. ગોવાળ જેમ સવાર પડતા જ ગાયો લઈને ચરાવવા નીકળી જાય છે. તેમ દિવસ થતાં જ રોજ સૂર્યનો ઉદય



થવો અસ્ત થવો, અને એની સાથે સાથે જીવની જૈવિક ક્રિયાઓ પણ શરૂ થાય છે. આ બધી જ ક્રિયાઓ યથાવત રીતે થતી જ રહેતી હોવા છતાં જીવનું જાગવું પણ એટલું જ જરૂરી છે.એટલે કે માત્ર પ્રકૃતિનું જાગવું પર્યાપ્ત નથી, આપણે પણ જાગવું પડે. કર્તવ્ય કર્મ ને નામે તો તું રોજ જાગે છે, પણ જીવ જે દિવસે જાગે એ દિવસ ને વડો ગોવાળિયો કહ્યો,એ કોણ થાશે!!

**દહીંતણા દહીંથરા ઘી તણાં ઢેબરાં**
**કઢિયેલ દૂધ તે કોણ પીશે ?**
**હરિ તારો હાથિયો, કાળી નાગ નાથિયો**
**ભૂમિનો ભાર તે કોણ સહાશે ? પ જાગને**


દરેક દિવસ દરેકે દરેકના સરખા નથી જતા એમાં કોઈ દિવસ એટલે કે સંજોગ ખાટા દહી જેવા પણ હોય, દહીં શબ્દ પ્રયોગ અહીં ભોગવાદી માટે વપરાયો છે, ઘી શબ્દ આપણે ત્યાં જ્ઞાન માટે વપરાય છે, કઢિયેલ દૂધ એટલે પરમ પ્રેમામૃતની વાત છે. કોઈ કોઈ દિવસ જીવ ભોગમાં રચ્યો પચ્યો રહે છે, કોઈ કોઈ વાર જ્ઞાનની વાતો કરે છે,પરંતુ જો જાગશે નહીં તો આ કઢીયેલ દૂધ સ્વરૂપ પરમ પ્રેમામૃત કેમ ચાખશે!! હે હરિ મારા જીવની જે ભૂમિકા હોય, એટલે કે ભોગી, જ્ઞાની, કે પ્રેમી એનો પણ મને અહમ્ ન રહે એની માટે હરિ જો હાથ વગો હોય તો એ મારા હકારને નાથી અને મને સામાન્ય જીવ બનાવી જીવાડે,જેથી પતન નો ડર ન રહે એ માટે પણ જીવ જાગતો રહે એ જરૂરી છે.

**જમુનાને તીરે ગૌધણ ચારંતા**
**મધુરીશી મોરલી કોણ વા'શે ?**
**ભણે મહેતો નરસૈંયો ગુણ તારા ગાઇએ,**
બૂડતાં બાહડી કોણ સહાશે ? પ જાગને

જમુના શબ્દ પ્રયોગ કરી અહીં કર્મનો સિદ્ધાંત તેમણે રાખ્યો છે. કારણ કે આપણે જમુનાને કર્મ સાથે સરખાવી છે. જીવનું જીવન કર્મની આસપાસ ફરતું હોય છે, એટલે કે જમનાને તીર, ગાયો રૂપી ઈન્દ્રિયોને ચારતા મધુરીશી મોરલી,એટલે કે કર્તવ્ય કર્મ ઉપરાંત કોઈ એકાદ એવું કર્મ જે જીવનને પ્રસન્ન કરી જાય, આનંદિત કરી જાય, મુરલીની મીઠી ધૂન સંભળાવી જાય! આમ સતત તારાં ગુણગાન ગાયને જીવીએ કારણકે જીવનની આ જાગૃતિની એકાદ પળ પણ જો તારા વગર જાય તો આ જીવની બાહડી, અથવા તો હાથ કોણ સાહસે, એટલે કે કોણ પકડશે,? નરસિંહ તો ક્ષણેક્ષણની જાગૃતિનું મૂલ્ય જાણી ચૂકેલા હતાં અને એટલે જ એકોએક પદમાં જાગવાની તેણે વાત કરી છે. આ પદના પણ હજી કંઈક અલગ તત્વચિંતક અર્થ કરી શકાય. પરંતુ આપણી પ્રાથમિક બુદ્ધિમાં આટલી સરળ વાત ઉતરે તો પણ સારું જ છે. વૈશ્વિક શાંતિ માટે જાગરણનો આ તબ્બકો ચાલી રહ્યો છે, અને દિવસે દિવસે વધતી જતી મોંઘવારી, દરેક ક્ષેત્રે હરિફાઈ, સ્પર્ધા, અને તેને કારણે થતી હાર જીત, કે પછી રોજીંદા જીવન માટેની જરૂરિયાત માટે પણ આવું જાગૃતિ ભર્યું ચિંતન બહુ જરૂરી છે. કારણ કે અંદર બહાર બંને પ્રકૃતિ અસંતુલિત થઈ ચૂકી છે. જાગીશું નહીં તો જીવન હાથમાંથી ગયું જ સમજો. આમ તો નરસિંહ મારો એટલો પ્રિય છે, કે નામ આવે ત્યાં જ રોમ રોમ પુલકિત થઈ જાય, અને એની મેળે જ શબ્દ સરવાણી ફૂટે! આમ જુવો તો એની નજરથી જ કૃષ્ણને નિરખ્યો છે, તેણે જ કૃષ્ણને પ્રિય બનાવ્યાં, અને નાગર માંથી ગોપી પણ તેણે જ બનાવી, નાગર, અને ગોપી, કેટલું વિચિત્ર સંયોજન! નાગર એટલે સુશિક્ષિત, નાગર એટલે બુદ્ધિવાન, નાગર એટલે નવીન વિચારધારા,નાગર એટલે સુસંસ્કૃત, અને વિકાસશીલ સમાજનો સ્તંભ.જયારે ગોપીનો સીધો સાદો અર્થ એટલે ગવાર, અથવા તો ગામડામાં રહેનારી એવો થાય. પરંતુ જે નાગર હતી એનું બધું જ જ્ઞાન, હતું તેમનું તેમ રહી ગયું, અને એ પરમ પ્રેમ નામનાં પદાર્થનો સ્પર્શ થતાં જ, એ સુધબુધ ખોઈ બેઠી અને ગોપી બની ગઈ એવો અર્થ કરી શકાય. જ્ઞાનને નામે માત્ર ને માત્ર જાણકારીઓ જ આપણે પ્રાપ્ત કરી છે, તો એ જાણકારીને એક બાજુ મૂકી, એટલે કે સિદ્ધિને એક કોર રાખી ગવાર થવાના પણ ક્યારે ફાયદા છે, અને જીવનમાં આવી ગોપીનો ભાવ દરેકે દરેક મહેસૂસ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે**

# ધારીએ એવું થતું નથી અને વિચારીએ એવું હોતું નથી એનું નામ "જીંદગી"પારખવાની કોશીશ તો ઘણી કરી લોકોએ પરંતુ...અફસોસ સમજવાની કોશીશ કોઈ નથી કરતું



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જગતની કોઈ વસ્તુ સુંદર નથી, વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે, મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી, શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ, જગત કરતાં પણ જગત નો સર્જનહાર સુંદર છે, લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામસુંદર કેટલો સુંદર હશે?**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો મનુષ્યના શરીરમાં નવ છિદ્રો છે. તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો. ઈન્દ્રિયોનો નિરોધ કરો અને ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળો. તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છેઃ પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં વરાહનારાયણની અવતારની કથા કહી છે. ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યુ છે. યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી. કાયા, વાણી, મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે. સત્ય બોલવું તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ યજ્ઞ છે. યજ્ઞ વિના, સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્ત શુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવશરીર એ ઘડો છે. આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં. એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે.જ્ઞાન થવું એ અઘરું નથી, પણ આવેલું જ્ઞાન ટકતું નથી.જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિ શક્તિને અટકાવ વાની છે.જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે. ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગ માં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે મસ્તકમાં રહ્યું નથી. પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્મા ની પાછળ પડે તે સંત. વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે,ત્યારે શાસ્ત્ર સંત ની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન,પ્રભુને રિઝવી ને પ્રભુ પ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપો આપ પ્રગટ થાય છે. મીરાંબાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી.તુકારામ મહા રાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી.જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યા ક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે. તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં? તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે, મનુષ્ય માને છે કે પ્રભુએ મને ઓછું આપ્યું છે. સ્વયંભુવ મનુની રાણીનું નામ શતરૂપા.મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં. તેમનાં નામો પ્રિય વ્રત અને ઉત્તાનપાદ, ત્રણકન્યાઓ થઈ. તેમનાં નામો આકૃતિ, દેવહુતિ તથા પ્રસૂતિ. તેમાં આકૃતિ રુચિને, દેવકૃતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી. દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છે કે, હે મૈત્રેય જી, આ કપિલ ભગવાનની કથા મને કહો. મૈત્રેયજી કહે છે, કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિ યોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય. શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે, જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર, શુદ્ધ આચાર, શુદ્ધ વિચારથી વધે છે. સંયમથી



-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે. જીભ સુધરે તો જીવન સુધરે છે. લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. જિતેન્દ્રિય થવા માટે સરસ્વતીના કિનારે રહેવું પડશે. સરસ્વતીનો કિનારો એટલે સત્કર્મનો કિનારો. યમુનાજી ભક્તિનું સ્વરૂપ છે. ગંગા જ્ઞાનનું અને સરસ્વતી સત્કર્મનું સ્વરૂપ છે. લક્ષ્ય વગરનો આદમી સઢ વગરના વહાણ જેવો છે. કર્દમ જિતેન્દ્રિય મહાત્મા છે. તેમણે ખૂબ તપશ્ચર્યા કરી. શરીરમાં હાડકાં જ બાકી રહ્યાં છે. કર્દમની તપશ્ચર્યા જોઈ પ્રભુ પ્રસન્ન થયા. આંખમાંથી હર્ષના આંસુ નીકળ્યાં. તેનું થયું બિંદુ સરોવર. સિદ્ધપુરની જાત્રા વખતે આ બિંદુ સરોવરમાં સ્નાન કરવું પડે છે. તમે ખૂબ ધ્યાન કરશો તો ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે, તમને દર્શન આપશે. ભગવાનનું ધ્યાન ન થાય તો વાંધો નહીં, પણ સાવધાન રહેજો કે તમારું મન સંસારના વિષયોમાં સ્થિર ન થાય આંખ રતનનું જતન કરજો. આંખની શક્તિ વેડફી નાંખશો નહીં. સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. પૈસા વધે એટલે લોકોમાં વિવેક રહેતો નથી. જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ. જગત કરતાં પણ જગત નો સર્જનહાર સુંદર છે.લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામસુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્યસુંદર છે તેવું માનજો.ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે.નાથ તમને પ્રાપ્ત કરી સંસારસુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્માજીએ આજ્ઞા કરી છે તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી. મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે. ધર્મમાં આચરણ માટે પત્ની છે એટલે તો પત્નીને ધર્મ પત્ની કહી છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતા નથી. એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસારસાગર પાર કરી શકે નહીં.સ્ત્રી એ નાવડી અને પુરુષ એ નાવિક છે. એકને બીજાનો સાથ જોઈએ. પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ. વિવેક અને સ્નેહ મળશેતો ભક્તિ પ્રગટ થાય છે. પુરુષ એ જ્ઞાન સ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે. સ્ત્રીએ ક્રિયા શક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે, કઈમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી કર્દમે વિચાર્યુ કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી. ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે. હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. જગતને મારે સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રીહરિ ત્યાંથી વિદાય થયા. પતિ-પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે, હું તેમને ત્યાં જન્મ લઉં. નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુમહારાજ, શતરૂપા અને દેવ હુતિ સાથે કર્દમઋષિના આશ્રમ માં આવે છે. કર્દમ વિવેકથી દેવ હુતિની પરીક્ષા કરે છે. કર્દમ ઋષિ એ ત્રણ આસનો બિછા વ્યાં છે, તે ઉપર બધાંને બેસવા કહે છે. મનુ, શતરૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી. કર્દમે કહ્યું, આ ત્રીજું આસન દેવી તમારા માટે છે! દેવહુતિએ વિચાર કર્યો કે, ભવિષ્યમાં આ મારા પતિ થવાના છે. પતિએ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી ? દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસન ની બાજુમાં બેસે છે. બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે. આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે. કર્દમ વિચારે છે, છોકરી છે તો લાયક, લગ્ન કરવામાં હરકત નથી. મનુમહારાજે કહ્યું, આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું. કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે. કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ. કન્યા દાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે, સંતતિઓ માટે એવું નથી લખ્યું, માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મપુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે. પિતા પુત્રને કહે છે, તું મારો આત્મા છે.એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે. કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે. તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે. લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. કારણ બધા જાણે છે કે, લગ્ન કર્યા પછી એ સાવધ રહેવાનો નથી. લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યો અથવા જે પહેલા સાવધાન થયો તે જીત્યો.

### ડેવિડ ધવને ઓટીટી એક્ટર્સની ટીકા કરી હતી

# પ્રતિક ગાંધીનો ડેવિડ ધવનને પડકાર મંચ પર આવીને નાટક કરી બતાવો

એક્ટર પ્રતિક ગાંધી હાલ તેની ઓટીટી ફિલ્મ 'અગ્નિ'ને મળી રહેલાં પ્રતિસાદ અને સફળતાથી હાલ ખુશ છે. રાહુલ ધોળકિયાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ હાલ પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ રહી છે. 'અગ્નિ' ફાયરફાઈટરના જીવન પર આધારીત ફિલ્મ છે. જેમાં પ્રતિક ગાંધી ફાયર સ્ટેશનના ચીફ વિઠ્ઠલરાવ ધોન્દુબા સર્વેનો રોલ કરે છે.તાજેતરમાં પ્રતિક ગાંધીએ આ ફિલ્મ બાદ એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મની સફળતા અંગે વાત કરી હતી. તેણે કહ્યું, "મારા માટે આ ફિલ્મ એક આંખ ઉઘાડનારી ફિલ્મ હતી. આપણે આ બહાદુર લોકોને જોઈએ છીએ, જે લોકો અજાણ્યા લોકો માટે પોતાનો જીવ જોખમમાં મુકે છે. પરંતુ આપણે ક્યારેય એમની બહાદુરીની નોંધ લેતા નથી. અગ્નિએ સુંદર રીતે એ કામ કર્યુ છે અને તેને જે પ્રતિસાદ મળ્યો છે, તે જોઈને ખુબ આનંદ થાય છે."ઘણા લોકોનો એવો મત છે કે અગ્નિ જો મોટા પડદે રિલીઝ થઈ હોત તો લોકોને વધુ મજા આવી હોત. આ અંગે પ્રતિકે કહ્યું, "હા હું સહમત છું કે જો થિએટરમાં રિલીઝ થઈ હોત તો લોકોને અલગ અનુભવ મળ્યો હોત.



જોકે, મારે એ પણ સ્વીકારવું જોઈએ કે ઓટીટીના કારણે ફિલ્મને ઘણી સફળતા મળી છે. તેના કારણે અમે બહુ બહોળા દર્શકવર્ગ સુધી પહોંચી શક્યા છીએ. જ્યાં સિનેમા હોલ નથી ત્યાં પણ આ ફિલ્મ પહોંચી શકી છે. તેથી હું ખરેખર ખુશ છું કે ફિલ્મ ઓટીટી પર આવી."હંસલ મહેતાની 'સ્કેમ ૧૯૯૨' પછી પ્રતિક ગાંધી ઘર ઘરમાં જાણીતો ચહેરો બની ગયો છે. આ ફિલ્મમાં તેની સાથે રહેલો દિવ્યેંદુ પણ ઓટીટીનો એક જાણીતો ચહેરો છે. ત્યારે થોડાં વખત પહેલા ફિલ્મ ડિરેક્ટર ડેવિડ ધવને ઓટીટીના કલાકારોની ટીકા કરતા કહ્યું હતું કે, "થિએટરમાં આવો અને તમારી ઔકાત બતાવો."આ નિવેદન અંગે પ્રતિસાદમાં પ્રતિકે કહ્યું, "મને ખબર નથી એમણે આ વાત કયા સંદર્ભે કહેલી. પરંતુ એક કલાકાર તરીકે, હું દરેક માધ્યમ પર કામ કરવા માગું છું. એમ તો લોકો એવું પણ કહી શકે કે તમે બે કલાકમાં પડદા પર કામ કરી લો છો, તો ખરા દર્શકો સામે રંગમંચ પર આવીને ૨ કલાકનું નાટક કરી બતાવો. કોઈ પણ કહી શકે છે પરંતુ એનો અર્થ એવો નથી.

# યા તો તમે વિશિષ્ટ છો અથવા તમે કંઈ નથીઃ વિવેક ઓબેરોય

વિવેક ઓબેરોયના લગ્ન પ્રિયંકા આલ્વા સાથે ૧૪ વર્ષ પહેલા થયા છે. અભિનેતાએ અગાઉ ઐશ્વર્યા રાયને ડેટ કરી હતી, જેણે હવે અભિષેક બચ્ચન સાથે લગ્ન કર્યા છે.એક ઈન્ટરવ્યુમાં, અભિનેતાએ ખુલ્લા લગ્નની વિભાવના પર ખુલાસો કર્યો અને તે શા માટે તેને નાપસંદ કરે છે "હું ખુલ્લા લગ્નનો ખ્યાલ નથી સમજી શકતો. હું ખુલ્લી વિશિષ્ટતાની વ્યાખ્યા સમજી શકતો નથી. કાં તો તમે વિશિષ્ટ છો, અથવા તમે કંઈ નથી. ઓપન એક્સક્લુસિવિટી જેવું કંઈ ન હોઈ શકે, વિવેકે વધુમાં જણાવ્યું હતું કે દરરોજ સવારે હું જાગું છું, હું તેને જોઉં છું, અને મને પ્રેમનો અનુભવ થાય છે. દરેક સમયે, હું મારી જાતને એક પ્રશ્ન પૂછું છું: બ્રહ્માંડની તમામ મહિલાઓમાંથી, જો હું વિશ્વમાં અન્ય કોઈને પસંદ કરી શકું તો શું હું તેને પસંદ કરીશ? જવાબ હા છે, હું હજુ પણ તેણીને પસંદ કરીશ. તેથી જો તમે અનુભવી શકો કે તમારા



જીવનના દરેક દિવસ, દર મહિને, દર દસ વર્ષમાં, તે ખુલ્લા લગ્ન કરતાં વધુ મુક્ત છે.થોડા મહિના પહેલા વિવેકે પ્રિયંકા સાથે તેની ૧૪મી લગ્નની વર્ષગાંઠ ઉજવી હતી. આ પ્રસંગે, વિવેકે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર લીધો અને તેની પત્ની માટે પ્રેમથી ભરેલી નોંધ લખી.૧૪ વર્ષ પહેલાં, અગ્નિની આસપાસ, મેં મારી આત્માની સાથી, મારી પ્રિયંકાને મારા અમર પ્રેમનું વચન આપ્યું હતું. આજે ધનતેરસના આ શુભ દિવસે, જ્યારે અમે અમારા વડીલોના આશીર્વાદ સાથે અમારા સુંદર નવા ઘરમાં જઈએ છીએ, ત્યારે હું ભગવાનની કૃતજ્ઞતાથી ભરાઈ ગયો છું.પોસ્ટમાં, વિવેકે પ્રિયંકાને તેનું "શાશ્વત ઘર" કહીને તેના પ્રત્યે પ્રેમ દર્શાવ્યો હતો. તેણે એ પણ શેર કર્યું કે તેઓ ધનતેરસના અવસર પર નવા ઘરમાં રહેવા ગયા છે. "તમારા વિના, આ ફેન્સી દિવાલોનો કોઈ અર્થ નથી. મારા માટે તમે મારું શાશ્વત 'ઘર' છો અને તે જ મારું હૃદય છે અને હંમેશા રહેશે.

# ૬૦ વર્ષની ઉંમરે દુલ્હન બની ગયા સુહાસિની મુલે, પંડિતજી પણ ચોંક્યા

જબ પ્યાર કિયા તો ડરના ક્યા.... આ ગીતના શબ્દોને સાચા કરી દેખાડ્યા છે સિહાસિની મુલેએ. તેણે ૬૦ વર્ષની ઉંમર સુધી લગ્ન કર્યા નહીં, પણ બાદમાં ફેસબુક પર તેને વન એન્ડ ઓન્લી મળી ગયા. તેણે લોકો શું વિચારશે, શું કહેશે, તેના વિશે વિચાર્યુ નહીં અને ૬૦ વર્ષની ઉંમરમાં લગ્ન કરી લીધા. તેમના લગ્નની તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.તાજેતરમાં ૭૪ વર્ષની વયે એક ખાસ મુલાકાતમાં તેમને પોતી યાદો વાગોળી હતી.તેમણે પોતાની લવ સ્ટોરી જણાવી હતી. તેમણે કહ્યું કે, "મારા હસબન્ડ સાથે મુલાકાત ફેસબુક પર થઈ હતી. મને સોશિયલ મીડિયા ચલાવવું સારુ નથી લાગતું પણ એક દોસ્તે મને અકાઉન્ટ બનાવવાની સલાહ આપી." અહીંથી સુહાસિની મુલેની ફેસબુક પર એન્ટ્રી થઈ.ફેસબુક પર તેની મુલાકાત અતુલ ગુર્ટૂ સાથે થઈ. તે ભૌતિક વિજ્ઞાની છે. એક્ટ્રેસે કહ્યું કે, "મને વિજ્ઞાનમાં કોઈ રસ નથી. છતાં મને તેમના



પ્રત્યે લગાવ થઈ ગયો." અહીંથી બંને વચ્ચે વાતચીત શરૂ થઈ. એક દિવસ અતુલ ગુર્ટૂએ મને પૂછ્યું કે શું આપનો મોબાઈલ નંબર મળી શકે. એક્ટ્રેસે રિપ્લાઈમાં લખ્યું કે "સારી છોકરીઓ અજાણ્યા લોકો સાથે મોબાઈલ પર વાત નથી કરતી. ધીમે ધીમે સુહાસિની મુલે અને અતુલ ગુર્ટૂનો સંબંધ ગાઢ થતો ગયો અને તેમણે તમામ સવાલ જવાબ બાદ લગ્ન કરવાનો નિર્ણય લીધો. આ દરમિયાન એક્ટ્રેસના મનમાં કેટલાય સવાલો હતા. પણ અંતે તેમણે લગ્ન કરવાનો નિર્ણય લીધો. ૨૦૧૧માં ૧૬ જાન્યુઆરીના દિવસે બંનેએ લગ્ન કરી લીધા. એક બીજાને મળ્યાના ૧.૫ મહિના બાદ બંનેએ લગ્ન કર્યા. હવે અભિનેત્રી ૭૪ વર્ષની થઈ ગઈ છે. સુહાસિનીએ ઈન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું હતું કે, તેને અને અતુલને એકસાથે લગ્નવાલા અંદાજમાં જોઈ પંડિતજી પણ ચોંકી ગયા હતા. મરાઠીની સાથે હિન્દી નાટકો અને ફિલ્મોમાં પણ સુહાસિની મુલે કામ કરી ચૂકી છે.

### દિલજીત દોસાંઝને કર્યો સપોર્ટ

# અવૈદ્ય ચીજોનું અસ્તિત્વ નકારી ન શકાય : કંગના

કંગના રનૌતે દિલજીત દોસાંજનું સમર્થન કર્યુ છે. નામ લીધા વિના તેમણે ગાયકના ગીતો વિશે પોતાનો અભિપ્રાય આપ્યો છે. ગીતોમાં દારૂના પ્રચાર માટે દિલજીતને મળેલી નોટિસ પર અભિનેત્રીએ પ્રતિક્રિયા આપી છે.જો કે અભિનેત્રી અને બીજેપી સાંસદ કંગના રનૌત અને દિલજીત દોસાંઝ ક્યારેય સોશિયલ મીડિયા પર એકબીજા સાથે જોવા મળ્યા નથી. બંને ઘણી વખત એકબીજા સાથે અથડામણ કરી ચુક્યા છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે પંજાબી સિંગર માટે કંગનાના સુર બદલાયા છે. અભિનેત્રીએ હવે દિલજીતને સમર્થન આપ્યું છે. વાસ્તવમાં, પંજાબી ગાયક આ દિવસોમાં તેના દિલ-લુમિનાટી ઈન્ડિયા ટૂર પર છે. તાજેતરમાં આંધ્રપ્રદેશ-તેલંગાણા, પંજાબ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં તેના કોન્સર્ટ દરમિયાન દારૂ અથવા ડ્રગ્સ સંબંધિત ગીતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેના કારણે ઘણો વિવાદ થયો હતો. હવે કંગનાએ તમામ જૂના વિવાદોને બાજુ પર રાખીને દિલજીતને સપોર્ટ કર્યો છે.કંગના રનૌતે ભારપૂર્વક જણાવ્યું છે કે કેવી રીતે નિયમોનું પાલન નથી થઈ રહ્યું. તેમણે કહ્યું કે દરેક જગ્યાએ દારૂ પર પ્રતિબંધ છે પરંતુ શું તે લોકોની જવાબદારી નથી? તેણે કહ્યું, 'તમે ગીતોમાંથી બધું કાઢી નાખશો, ફિલ્મોમાંથી બધું કાઢી નાખશો. શરાબ-મુક્ત રાજ્યો ઘણા છે, તો શું દારૂ વેચાતો નથી? ઘણી બધી વસ્તુઓ ગેરકાયદેસર હોવાથી, તે નથી તેમ માની લેવાને પણ કોઈ કારણ નથી જ.કંગના રનૌતે વધુમાં કહ્યું કે, 'ઘણા અકસ્માતોના વીડિયો આવી રહ્યા છે.

# સોશિયલ મીડિયા પોસ્ટ મુદ્દે ભડક્યો એક્ટર અલ્લુ અર્જુન

## સાઉથ સુપરસ્ટાર એક્ટર અલ્લુ અર્જુન પોતાની ફિલ્મ 'પુષ્પા ૨'ની રિલીઝ બાદથી જ સતત ચર્ચામાં રહ્યો છે

સાઉથ સુપરસ્ટાર એક્ટર અલ્લુ અર્જુન પોતાની ફિલ્મ 'પુષ્પા ૨'ની રિલીઝ બાદથી જ સતત ચર્ચામાં છે. એકબાજુ જ્યાં ફિલ્મ બ્લોકબસ્ટર હિટ થઈ રહી છે અને તેની કમાણી તમામ રેકોર્ડ તોડી રહી છે, ત્યારે બીજી બાજુ ફિલ્મની સ્ક્રિનિંગ દરમિયાન થયેલો અકસ્માત પણ એટલો જ વિવાદમાં છે. આ બંને ઘટનાઓના કારણે લોકો પણ બે જૂથમાં વહેંચાઈ ગયા છે. એક બાજુ લોકો અલ્લુ અર્જુનના સપોર્ટમાં જોવા મળ્યા તો બીજી બાજુ લોકો અલ્લુ અર્જુનનો વિરોધ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર અલ્લુ અર્જુનના કેટલાક સાચા ફેન્સ તેના નામે ખુલ્લેઆમ પોસ્ટ કરી રહ્યા છે, તો બીજી તરફ ઘણા લોકો એક્ટરના ફેન્સ હોવાનો ઢોંગ કરી રહ્યા છે અને લોકો સાથે ગેરવર્તન કરી રહ્યા છે. આ અંગે અલ્લુ



અર્જુને એક પોસ્ટ કરી અને લખ્યું, "હું મારા તમામ ફેન્સને વિનંતી કરું છું કે, તેઓ જવાબદારી પૂર્વક તેમની લાગણીઓ વ્યક્ત કરે, હંમેશની જેમ, કોઈપણ પ્રકારની અભદ્ર ભાષા કે વર્તનનો ઓનલાઈન અને ઓફલાઈન ઉપયોગ ન કરો." અલ્લુ અર્જુને પોતાના ફેન હોવાની આડમાં કાયદો હાથમાં ન લેવાની વાત કરી અને કડક ચેતવણી પણ આપી.અલ્લુ અર્જુને પોતાના ઠ એકાઉન્ટ પર લખ્યું કે, 'મારા ફેન હોવાની આડમાં નકલી આઈડી અથવા પ્રોફાઈલ બનાવીને, જો કોઈ અપમાનજનક પોસ્ટ કરતાં દેખાય, તો તેની સામે કડક એક્શન લેવામાં આવશે. હું મારા ફેન્સને વિનંતી કરૂ છું કે, આ પ્રકારની પોસ્ટ ન કરો.' અલ્લુ અર્જુનની આ પોસ્ટ પર તેના સારા ફેન્સનું રિએક્શન પણ સામે આવ્યું છે. એક સોશિયલ મીડિયા યુઝરે કોમેન્ટ કરી કે, 'અમે હંમેશા તમારી સાથે છીએ.



૨૦૨૩માં પઠાણ ફિલ્મ બનાવી હતી અને આ ફિલ્મ ૫૦૦ કરોડ કમાઈ હતી

# શાહરૂખ અને સુહાનાની 'કિંગ'નું સુકાન સિદ્ધાર્થ આનંદને સોંપાયું

જ્યારથી શાહરૂખ અને સુહાના ખાનની ફિલ્મ 'કિંગ'ની જાહેરાત થઈ ત્યારથી આ અંગે સતત ચર્ચા થતી રહી છે. શાહરૂખ ખાન, અભિષેક બચ્ચન અને સુહાના ખાનની આ ફિલ્મ અંગે હવે નવી અપડેટ આવી રહી છે. પહેલાં આ ફિલ્મ 'કહાની'ના ડિરેક્ટર સુજોય ઘોષ ડિરેક્ટ કરવાના હોવાની ચર્ચા હતી. જ્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ શાહરૂખની 'પઠાણ'ના ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદ ડિરેક્ટ કરશે.આ અહેવાલો મુજબ "હિન્દી સિનેમામાં સિદ્ધાર્થ આનંદ અને શાહરૂખ ખાનની જોડી જાણીતી છે. હવે તેઓ કિંગમાં પણ સાથે કામ કરશે. છેલ્લા છ મહિનાથી આ એક્શન ફિલ્મ માટે કામ ચાલે છે. સિદ્ધાર્થ આનંદ અને તેમની ટીમ દ્વારા દુનિયાભરના વિવિધ સ્થળોની રેકી કરવામાં આવી છે અને વિશ્વપ્રસિદ્ધ સ્ટંટ ડિરેક્ટર સાથે મળીને વિવિધ સ્ટંટ ડિઝાઈન કરવામાં આવ્યા છે." આ ફિલ્મનું કામ માર્ચ ૨૦૨૫માં શરૂ થશે. શાહરૂખે અને સિદ્ધાર્થ આનંદે ૨૦૨૩માં પઠાણ ફિલ્મ બનાવી હતી અને આ ફિલ્મ હિન્દી સિનેમાની પહેલી એવી ફિલ્મ હતી જે ૫૦૦ કરોડ કમાઈ હતી. જ્યારે



આ ફિલ્મમાં સુજોય ઘોષની ભૂમિકા અંગે સૂત્રો દ્વારા મળતી માહિતીને આધારે "સુજોય ઘોષ અને સિદ્ધાર્થ આનંદ સાથે મળીને સુરેશ નાયર અને સાગર પંડ્યાએ આ ફિલ્મ લખી છે. જ્યારે અબ્બાસ ટાયરવાલાએ આ ફિલ્મના ડાયલોગ લખ્યા છે."સૂત્રોના જણાવ્યા અનુસાર, "આ હિન્દી સિનેમાની સૌથી પ્રચંડ એક્શન સીન ધરાવતી એક્શન ફિલ્મ છે. શાહરૂખ અને સિદ્ધાર્થે આ ફિલ્મ માટેના એક્શન સીન દુનિયાભરના દેશોમાં શૂટ કરવાનું નક્કી કર્યુ છે. તેમણે આ માટે પડદા પર ક્યારેય નહીં જોવાયેલાં સ્થળો પસંદ કર્યા છે. શાહરૂખ અને સિદ્ધાર્થ આનંદ સ્ક્રીપ્ટથી ઘણા ખુશ છે."

### ફેન્સની માંગી માફી | ખરાબ મેનેજમેન્ટને કારણે પરેશાન થઈ ગઈ કે તેણે કોન્સર્ટ અધવચ્ચે જ છોડી દીધો

# મોનાલી ઠાકુરે અધવચ્ચે છોડ્યો વારાણસી કોન્સર્ટ


પ્લેબેક સિંગર મોનાલી ઠાકુરના સિંગિંગના લોકો દિવાના છે. તેના કોન્સર્ટમાં ફેન્સની ઘણી ભીડ એકઠી થાય છે. પરંતુ ગાયકે તાજેતરના વારાણસી કોન્સર્ટમાં ખરાબ અનુભવ શેર કર્યો. ખરાબ મેનેજમેન્ટને કારણે મોનાલી એટલી પરેશાન થઈ ગઈ કે તેણે કોન્સર્ટ અધવચ્ચે જ છોડી દીધો. આ રીતે કોન્સર્ટ સમાપ્ત કરવા માટે સિંગરે તેના ફેન્સની માફી પણ માંગી હતી.૨૨ ડિસેમ્બરે મોનાલી એક કોન્સર્ટ માટે વારાણસી પહોંચી હતી. તે અને તેની ટીમ આ માટે ખૂબ જ ઉત્સાહિત હતા. પરંતુ ત્યાં પહોંચ્યા પછી સિંગરે જે જોયું તે પછી, તે તેના ગુસ્સાને કાબૂમાં ન રાખી શકી અને સ્ટેજ પરથી કોન્સર્ટ અધવચ્ચે જ છોડી દેવાની જાહેરાત કરી. મોનાલીએ આ કોન્સર્ટનું આયોજન કરનારી કંપની પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. સિંગરે કોન્સર્ટ અધવચ્ચે જ છોડવાના ઘણા કારણો આપ્યા. તેનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં મોનાલીએ કહ્યું કે સ્ટેજ સેટઅપ યોગ્ય નથી.વીડિયોમાં સિંગર કહે છે- 'મારું દિલ તૂટી ગયું છે. હું ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાતને તો બાજુ પર રાખું છું. પૈસાની ચોરી કરવા માટે તેઓએ કેવું સ્ટેજ બનાવ્યું છે તે હું નહીં સમજાવી શકું. મારા પગમાં ઈજા થવાની સંભાવના છે. ડાન્સર્સ મને શાંત થવા માટે કહે છે. પરંતુ બધું ખોટું છે. હું તમને જવાબદાર છું, તમે મારા માટે આવો છો. તેથી તમે મને જવાબદાર ગણશો. મને આશા છે કે હું પોતે જ તેની જવાબદારી લઈ શકું કે પછી કોઈપણ નકામા, બેજવાબદાર, અનૈતિક લોકો પર વિશ્વાસ ન કરવો પડે. હું તમારી દિલથી માફી માંગુ છું કે આ શો અહીં જ સમાપ્ત કરવો પડશે. પરંતુ હું ચોક્કસપણે પાછી આવીશ અને તમને આના કરતા વધુ સારો શો બતાવીશ.જોકે, ઈવેન્ટ ઓર્ગેનાઈઝરે સિંગરના આરોપોને ખોટા ગણાવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઓર્ગેનાઈઝરનું કહેવું છે કે મોનાલીએ શરૂઆતમાં તેમને તેની હોટલમાં ચાર કલાકથી વધુ સમય સુધી રાહ જોવડાવી હતી. પ્રેસ સાથે વાત કરવાનો ઈનકાર કર્યો હતો. સિંગરના વિલંબને કારણે, સ્થાનિક મીડિયા તેની સાથે વાત કર્યા વિના ચાલ્યો ગયો. મોનાલીની વાત કરીએ તો તે સ્વિટ્ઝર્લેન્ડમાં રહે છે. તે શો અને સિંગિંગ કોમ્પિટિશન માટે ભારતનો પ્રવાસ કરતી રહે છે. મોનાલીના હિટ ગીતોમાં 'મોહ મોહ કે ધાગે', 'ઝરા ઝરા ટચ મી', 'ખ્વાબ દેખે'નો સમાવેશ થાય છે.



### સલમાન-શાહરૂખ વિષે પણ કહી આવી વાત

# ગાંધીજી પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતાઃ અભિજીત

## બોલિવૂડના જાણીતા ગાયક અભિજીત ભટ્ટાચાર્ય તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં





બોલિવૂડનાજાણીતાગયાકઅભિજીત ભટ્ટાચાર્ય તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. એક ઈન્ટરવ્યુમાં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અંગે આપેલા નિવેદનને કારણે હાલ અભિજીત ચર્ચામાં છે. અભિજીત તાજેતરમાં જ એક પોડકાસ્ટમાં તેની પ્રોફેશનલ લાઈફ વિશે ઘણી વાતો શેર કરી હતી.અભિજીત ભટ્ટાચાર્યએ પોડકાસ્ટ દરમિયાન બોલિવૂડ સ્ટાર્સ સાથે તેમના અનુભવો વિષે વાત કરી હતી. સાથે સાથે તેમણે મહાત્મા ગાંધી વિશે એક વિવાદાસ્પદ નિવેદન પણ આપ્યું. અભિજિત ભટ્ટાચાર્યએ કહ્યું કે મહાત્મા ગાંધી ભારતના નહીં પરંતુ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા. આ નિવેદનને કારણે તેમની ટીકા થઈ રહી છે.અભિજીત ભટ્ટાચાર્યએ કહ્યું કે સંગીતકાર આરડી બર્મન મહાત્મા ગાંધી કરતા મહાન હતા. આરડી બર્મન રાષ્ટ્ર સંગીતના પિતા હતા. અભિજીત આટલે જ ના રોકાયા, તેમણે મહાત્મા ગાંધીને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા કહી દીધા. અભિજીતે કહ્યું કે મહાત્મા ગાંધી ભારતના નહીં પરંતુ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા. ભારત પહેલાથી જ ભારત હતું, પાકિસ્તાન પછીથી બન્યું. ભૂલથી જ મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા જાહેર કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનને જન્મ આપનારા એ જ હતાં , તે જ પિતા થયા, તે જ દાદા, નાના પણ તેઓજ થયાપ. બધું તેઓ જ હતાં.નોંધનીય છે કે સંગીતકાર આરડી બર્મને જ અભિજીત ભટ્ટાચાર્યને સૌ પ્રથમ ચાન્સ આપ્યો હતો. અભિજીતે પોતાનું પહેલું ગીત આશા ભોંસલે સાથે બંગાળી ફિલ્મ માટે ગાયું હતું. પોતાની કારકિર્દીના શરૂઆતના દિવસોમાં અભિજીત આરડી બર્મન સાથે સ્ટેજ શો કરતા હતા. પોડકાસ્ટમાં તેમણે શાહરૂખ ખાન અને સલમાન ખાન વિશે પણ વિવાદાસ્પદ નિવેદન આપ્યું. અભિજીતે કહ્યું કે, 'હું સલમાન ખાનને નફરત કરવા લાયક પણ નથી માનતો.' જ્યારે તેને સલમાન ખાનના 'ચુનરી ચુનરી' અને 'ટન ટના ટન ટન ટન ટારા' જેવા ગીતો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'એ મારા ગીતો છેપ ગીત કોના માટે છે એ ક્યારેય પૂછતો નથી. જ્યારે હું શાહરૂખ ખાન માટે ગીત ગાતો ત્યારે જ હું ઉત્સાહિત રહેતો.''અભિજીત ભટ્ટાચાર્યએ શાહરૂખ ખાન માટે છેલ્લે ૧૭ વર્ષ પહેલા ગીત ગાયું હતું. અભિજીતે પોડકાસ્ટ પર શાહરૂખ ખાન સાથેના તેના ઝઘડા અંગે પણ જાહેરમાં વાત કરી હતી. અભિજીતે કહ્યું કે શાહરૂખ મારી પાસે આવી શક્યો હોત, માફી માંગવા માટે નહીં.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્ર એ ભુજ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું



। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવે ના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર એ અમદાવાદ મંડળ ના ભુજ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસના કામોની સમીક્ષા કરી હતી.

જનરલ મેનેજર શ્રી મિશ્ર એ ભુજ રેલવે સ્ટેશન પર નિર્માણાધીન બિલ્ડીંગ, સરકુલેટિંગ એરિયા, પ્લેટફોર્મ, ફૂટ ઓવર બ્રિજ અને અન્ય મુસાફરોની સુવિધાઓનું સઘન નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, તેમણે સ્ટેશન પર પ્લેટફોર્મ ૧-૩ અને ફૂટ ઓવર બ્રિજ (એફઓબી નું નિરીક્ષણ કર્યું. સ્ટેશન પર ચાલી રહેલા કામોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને તેને સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ દરમિયાન તેમણે રેલવે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સાથે બેઠક યોજી હતી અને રિડેવલપમેન્ટના કામને ઝડપી બનાવવા અને સમયસર પૂર્ણ કરવા સૂચનાઓ પણ આપી હતી.

આ દરમિયાન જનરલ મેનેજરની સાથે એઆરએમ ગાંધીધામ, શ્રી આશિષ ધાનિયા સહિત અન્ય રેલવે અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર, બનાસકાંઠા, અમદાવાદ અને ખેડામાં કુલ ૬ નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર

# “કિસાન સૂર્યોદય યોજના” હેઠળ ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી : રાત્રિના ઉજાગરામાંથી ખેડૂતોને મુક્તિ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

‘સુશાસન દિવસ’ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા લાખો ખેડૂતોના હિતમાં દિવસે વિજળી આપવાના મહત્વના નિર્ણયનો રાજ્યના ૯૬ ટકા ગામોમાં અમલ કરીને ખેડૂતોને રાત્રે ઉજાગરામાંથી મુક્તિ આપવામાં આવી છે. ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬,૫૬૧ ગામના ૧૮,૯૫,૭૪૪ જેટ-લા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનું શરુ કરી દેવામાં આવ્યું છે, તેમ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, “કિસાન સૂર્યોદય યોજના” અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો દેવભૂમિ દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને એટલે કે ૪ ટકા ગામના ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે અને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઊર્જામંત્રીશ્રી દેસાઈએ જણાવ્યું કે, દિવસે વીજળી મેળવી રહેલા ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮ થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમિયાન દિવસે વીજળી આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સુશાસનના ભાગ રૂપે આજે ગાંધીનગર જિલ્લામાં નાનાચીલોડા અને સરગાસણ, બનાસકાંઠાના થરાદ, અમદાવાદના ઘુમા અને બાકરોલ તેમજ ખેડા જિલ્લામાં પીપલગ ખાતે એમ કુલ ૬ નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં અંદાજે ૨૫૧




જેટલા અધિકારી - કર્મચારીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

વધુમાં, છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ નવી પેટા વિભાગીય અને ૩ વિભાગીય કચેરીઓ મંજૂર કરીને રાજ્ય સરકારે સતત ખેડૂતોના હિતની ચિંતા કરી છે. છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. હાલમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવામાં કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ ન આવે તો ૩-૪ મહિનામાં વીજ જોડાણ આપી દેવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણા જેટલો છે, જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલ “પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના” હેઠળ દેશના ૧ કરોડના લક્ષ્યાંક સામે ગુજરાતમાં ૨ લાખ ૪૨ હજારથી વધુ વીજ ગ્રાહકોના મકાન પર ૯૦૦ મેગા વોટથી વધુ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ ઉપરાંત પીએમ કુસુમ-ઝ યોજના હેઠળ ફીડર લેવલ સોલરાઈઝેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં આગળ પડતું રાજ્ય છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦૮.૫૭૦ મેગાવોટ-ના ૩૭ પ્લાન્ટ કાર્યરત થયા છે, જેનો ૪૮,૬૪૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને લાભ મળ્યો છે. હાલમાં ગુજરાત Renewable Energy (Wind Solar Hydro Bio Power)ની ૩૦ગીગાવોટની કેપેસિટી સાથે સમગ્ર દેશમાં અગ્રેસર છે, તેમ ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

# ઝાલોદ કોર્ટે અપહરણના ગુનામા આરોપીઓને નિર્દોષ છુટકારો આપ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

સને ૨૦૧૭ ના વર્ષમાં ઝાલોદના ભરચક વિસ્તાર એવા વિશ્વકર્મા મંદિર સામેના એ.ટી.એમ આગળ બપોરના લગભગ બે વાગ્યાના સુમારે લખણપુર તાઃ ફતેપુરાના રહીશ લાલાભાઈ પુનાભાઈ મછારનું અંગત અદાવતે તેઓના ગામના કુટુંબી પ્રકાશ મછાર, રાજુ મછાર, મિનેસ તાવિયાડ, મુકેશ તાવિયાડ, વિક્રમ તાવિયાડ રોમિત તાવિયાડ અને રાહુલ તાવિયાડે અપહરણ કરતા તે બાબત નો ગુનો ઝાલોદ પોલીમ મથકે નોંધવા પામેલો.

આ બાબતે જે તે વખતે આરોપીઓને કોર્ટ શરતી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલો ત્યારબાદ આરોપીઓ વિરુદ્ધ તપાસ પૂર્ણ થતાં પોલિસ દ્વારા ચાર્જશીટ ઝાલોદ કોર્ટમા મોકલવામાં આવેલ અને સાત વર્ષ દરમ્યાન આરોપીઓની જુબાની, મેડિકલ સર્ટિફિકેટ અને દસ્તાવેજો રજૂ થતા બંને પક્ષોની દલીલોના અંતે ઝાલોદ કોર્ટના વિદ્વાન ન્યાયાધીશ ડો.ભાટી સાહેબે આરોપીને શંકાનો લાભ આપી ગુનામાંથી મૂકત કરવાનો ચુકાદો ખુલ્લી અદાલતમાં જાહેર કરેલો છે. બચાવ પક્ષે આરોપીઓ વતી વકીલ પી.એસ.પારીકે આરોપીઓનો બચાવ કરેલો હતો.

# ADHO દ્વારા ઝાયડસ ખાતે ઝાલોદ તાલુકાની ગરાડું વિસ્તારની જોખમી સગર્ભા બેનની મુલાકાત કરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ADHO ડૉ. ગિરવર બારિઆ દ્વારા ગરાડું PHC વિસ્તારની જોખમી સગર્ભા બેનની ઝાયડસ હોસ્પિટલ ખાતે મુલાકાત કરી.તેની આરોગ્યની સાવચેતી વિશે ડૉક્ટર સાથે પરામર્શ કરી. તેમજ યોગ્ય પગલાં લેવા અંગે અવગત કર્યા. તેમજ જોખમી સગર્ભા બેનની સાથે તેમના સ્વાસ્થ્ય અંગે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# દાહોદ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા SDH ઝાલોદની મુલાકાત કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

આજ રોજ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ઉદય ટીલાવત દ્વારા SDH ઝાલોદની મુલાકાત કરવામાં આવી.દર્દીઓ ને મળતી સેવાઓ વિશે મૂલ્યાંકન કરવામાં આવ્યું અને હાજર સ્ટાફને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. હાજર દર્દીઓ સાથે આરોગ્યલક્ષી માહિતી આપવામાં આવી હતી.

# સુરતમાં વિદ્યાર્થીઓના પ્રવેશ મામલે વાલીઓમાં રોષ

। સુરત, તા.૨૫ ।

સુરત ના અડાજણ સ્થિત ભુલકાભવન સ્કૂલમાં વાલી ઓનો વિરોધ સુરતમાં વિદ્યાર્થીના પ્રવેશ બાબતે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. સુરતના અડાજણ સ્થિત ભુલકાભવન સ્કૂલમાં નાલીઓએ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેમાં RTE અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રવેશ મામલે વાલીઓમાં નારાજગી ફેલાયેલી છે. તે સિવાય ભુલકાભવન સ્કૂલના સંચાલકોની દાદાગીરી હોવાનો વાલીઓએ આરોપ લગાવ્યો છે. RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને LC આપવાની ધમકી આપવામાં આવી હતી. બીજીતરફ સ્કૂલનો આરોપ છે કે વિદ્યાર્થીઓએ RTE માં ખોટી આવક બતાવી એડમિશન લીધું હતું. RTE માં ૧.૨૦ લાખ ની અવાક હોય તો વિદ્યાર્થીને એડમિશન મળે છે. બીજીતરફ સ્કૂલના સંચાલકોનું કહેવું છે કે વાલીઓની બેક્રોમાં લાખો રૂપિયાની લોન ચાલે છે.

# ઝાલોદ આમ આદમી પાર્ટી દ્વારા ભરૂચ જિલ્લાના ઝઘડિયાની બાળકી પર થયેલ દુષ્કર્મ બાદ મોતને લઈ ભાજપ પર સાધ્યા નિશાન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ આમ આદમી પાર્ટી દ્વારા આજરોજ ૨૪-૧૨-૨૦૨૪ ના રોજ સાંજે ૬:૩૦ વાગે આંબેડકર ચોક ખાતે ભરૂચ ઝઘડિયાના GIDC વિસ્તારમાં દુષ્કર્મનો ભોગ બનેલી માસૂમ બાળકી દમ તોડતા તેને શ્રધ્ધાંજલી આપતા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ માસુમ બાળકી પર ૧૬મી તારીખે દુષ્કર્મની ઘટના બની હતી, બાળકીને સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી પરંતુ પીડિત બાળકી દુષ્કર્મ થયા બાદ ક્યારેય ભાનમાં આવી જ ન હતી અને આઠ દિવસની સારવાર બાદ બાળકીનું કરુણ મોત નીપજ્યું હતું. ૧૦ વર્ષની બાળકી જીવન મરણ વચ્ચે સતત ઝઝૂમતી રહી હતી, છેલ્લે બાળકી એ દમ તોડી દીધો હતો.

પોલીસ દ્વારા ૧૭ તારીખે આરોપીને ઝડપી પાડી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા ત્યારબાદ રિમાન્ડ પુરા થતાં ૨૩ તારીખે પોલીસ દ્વારા વધુ તપાસ માટે સાત દિવસના રિમાન્ડ લીધા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

હતા. પરંતુ આરોપી ને સજા મળે તે પહેલાં માસુમ બાળકીનું મોત થતાં ઝાલોદ નગરની આમ આદમી પાર્ટી દ્વારા બાળકીને ન્યાય મળે તે માટે આંબેડકર ચોક ખાતે મીણબત્તી જલાવી શ્રદ્ધાંજલિ અર્પી હતી તેમજ આપ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ભાજપ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા તેમજ ગૃહમંત્રી અને મુખ્યમંત્રી રાજીનામું આપે તેવી માંગ કરી હતી તેમજ બળાત્કાર કરનાર આરોપીને ત્વરિત સજા મળે તેવી માંગ કરી હતી તેમજ આવા બળાત્કારીઓ ને જાહેરમાં ફાંસી આપવી જોઈએ તેવી પણ માંગ કરી હતી.

### દેવગઢ બારીયા તાલુકાના લવારીયા તથા નાનીમંગોઈની ઈજ્જ્વળ નદીમાં

# દાહોદ જિલ્લા ખાણખનીજ વિભાગની મીલીભગતથી ગેરકાયદેસર ચાલતુ ખનીજ ચોરી કૌભાંડ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૫ ।

દેવગઢ બારીયા તાલુકા ના લવારિયા /નાની મંગોઈ ખાતે આવેલ ઉજ્જ્વલ નદી ના પટમાથી લાવરીયા ના દિનેશભાઈ માવાભાઈ ના ખાનગી સર્વે નંબર માંથી ગેરકાયદેસર ખનીજ ચોરી છેલ્લા ૫ મહિના થી ચાલતી હોવાની માહિતી દાહોદ જિલ્લા ખાણ ખનીજ વિભાગ ને વારંવાર આપવા છતાં તેઓ દ્વારા ગેરકાયદેસર હપ્તા વસૂલી ખનીજ માફિયા ઓ ને સાથ આપી રહ્યા હોવાનુ સામે આવ્યું છે.

વારંવાર ટેલિફોનિક જાણ કરવા છતાં રેડ કરવા જતા અગાઉ ખાણ ખનીજ વિભાગ દ્વારા ભૂ માફિયા ઓ ને આગોતરી જાણ કરી સ્થળ પર થી વાહનો હટાવી લેવડાવી પછી સ્થળ ઉપર નામ પૂરતી રેડ કરી પ્રજા ની આંખો માં ધૂળ નાખવામાં આવી રહી છે લોક મુખે ચર્ચાઈ રહ્યુ છે કે દાહોદ ખાણખનીજ વિભાગ ના કરાર આધારિત કર્મચારી ઓ મોટા હપ્તા લઈ ને ખનીજમાફિયાઓને બચાવી રહ્યુ છે આ તમામ ગાડી દેવગઢ બારીયા પ્રાંત ઓફિસ તથા મામલતદાર ઓફિસ પાસેથી



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

બેરોકટોક પસાર થઈ રહી છે તો પ્રાંત સાહેબ અને મામલતદાર સાહેબ આંખ આડા કાન કેમ કરી રહ્યા છે તે પણ સૂચક છે લોક મુખે ચર્ચાઈ રહ્યુ છે કે આ ભૂમાફિયા ઓ સ્થાનિક રાજકીય મોટા નેતા ના અંગત હોવાથી નામ વટાવી અધિકારી ઓ ને દબાવ માં રાખી બિન્દાસ્ત રોજ ના ૨૦/૨૫ ડમ્પર ખનીજ ચોરી કરી રહ્યા છે અને સરકાર ની તિજોરી ને લાખો રૂપિયા નો ચૂનો લગાવી રહ્યા છે આ બાબતે ખાણખનીજ કમિશ્નર શ્રી ને પણ પુરાવા સાથે રજૂઆત કરાઈ છે જોવાનું રહ્યુ કે શું પગલા લેવાશે કે પછી ભિનું સંકેલી લેવાશે.

### આંબાવાડી, ગૌશાળા, ખેત ઉત્પાદનો અને અર્ક વેચાણ દ્વારા આશરે પાંચ લાખની આવક

# ધરમપુર તીસ્કરી તલાટના ખેડૂતનું ગીર ગાય ગૌશાળા દ્વારા પ્રાકૃતિક ખેતીમાં મહત્વપૂર્ણ યોગદાન

। (માહિતી) વલસાડ, તા.૨૫ ।

ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તેમજ જીવામૃત, ઘન જીવમૃત બનાવવાની ટ્રેનિંગ આપે છે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટના ખેડૂત ઠાકોરભાઈ દેવજીભાઈ પટેલ ગીર ગાય ગૌશાળા દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રસારમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. તેમણે તેમના પિતાજીના કેહવાથી કંઈક નવું કરવાની ઈચ્છથી આશરે ૧૨ વર્ષ પહેલા શ્રી બંસીધર ગીર ગૌશાળાની શરૂઆત કરી હતી. ગૌશાળાની શરૂઆત બાદ તેમણે નાગપુર ખાતે તાલીમમાં પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ અને પ્રકૃતિને રાસાયણિક પદાર્થોના વપરાશથી થતા નુકશાનથી માહીતગાર થતા આત્મા પ્રોજેક્ટ સાથે જોડાઈને સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી હતી. આજે તેઓ પોતે સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તો કરે જ છે સાથે સાથે જીવામૃત અને ઘનજીવા મૃતનું વિતરણ કરી બીજા ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન આપે છે. ઠાકોરભાઈ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને જીવામૃત, ઘન



જીવામૃત બનાવવાની તાલીમ પણ આપે છે. ઠાકોરભાઈએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતી પ્રકૃતિને નુકશાન પહોંચાડે છે તેથી પ્રાકૃતિક કૃષિ તરફ વળી પ્રકૃતિનું રક્ષણ કરવું જોઈએ. પ્રાકૃતિક ખેતી કરવાના દરેક પદાર્થો ગૌશાળા દ્વારા ઉપલબ્ધ થાય છે. જીવામૃત અને ઘન જીવામૃતનું ઉત્પાદન કરી આંબાવાડી, હળદર, ડાંગર, કઠોળ, શાકભાજી અને ઘરના કિચન ગાર્ડનમાં તેનો ઉપયોગ કરે છે. આંબાપાક સાથે મિશ્રપાક તરીકે હળદરનું વાવેતર કર્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતા પૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે.

# માનવ તસ્કરીમાં કેનેડિયન કોલેજોની સંડોવણીની શંકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ કેનેડિયન કોલેજો અને ભારતીય એજન્સીઓ સામે મની લોન્ડરિંગ કેસની તપાસ શરૂ કરી છે. આ મામલો કેનેડા-યુએસ બોર્ડર દ્વારા ભારતીય નાગરિકોને યુએસમાં તસ્કરી કરવાના પ્રયાસ સાથે સંબંધિત છે. રિપોર્ટ અનુસાર, આ તપાસ એ ઘટના બાદ શરૂ થઈ હતી જેમાં ગુજરાતના ડીંગુચા ગામના એક પરિવારના ચાર સભ્યો ઠંડીને કારણે મૃત્યુ પામ્યા હતા. આ ઘટના ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ બની હતી, જ્યારે તેઓ ગેરકાયદેસર રીતે સરહદ પાર કરીને યુએસમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અમદાવાદ પોલીસ દ્વારા નોંધાયેલી FIRની નોંધ લીધા બાદ EDએ આ તપાસ શરૂ કરી હતી. આ એફઆઈઆરમાં ભાવેશ અશોકભાઈ પટેલ અને અન્યો પર ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે કેનેડા મારફતે અમેરિકા મોકલવાનું કાવતરું ઘડવાનો આરોપ છે. આ કેસ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ નોંધવામાં આવ્યો છે. EDએ ખુલાસો કર્યો છે કે આરોપીઓ કેનેડાની કોલેજો અને યુનિવર્સિટીઓમાં નકલી પ્રવેશ દ્વારા આની દાણચોરી કરતા હતા. આ નાગરિકોએ કેનેડામાં સ્ટુડન્ટ વિઝા માટે અરજી કરી હતી, પરંતુ તેઓ ત્યાં પહોંચ્યા પછી કોલેજમાં હાજરી આપી ન હતી. તેના બદલે, તેઓ ગેરકાયદેસર રીતે યુએસમાં સરહદ પાર કરી ગયા. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, કેનેડિયન કોલેજોને ચૂકવવામાં આવેલી ફી પાછળથી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવી હતી, આ સંસ્થાઓની સંડોવણી પર પ્રશ્નો ઉભા થયા હતા. આ રેકેટ દ્વારા ભારતીય નાગરિકો પાસેથી પ્રતિ વ્યક્તિ ૫૫ લાખથી ૬૦ લાખ રૂપિયા વસૂલવામાં આવતા હતા. EDએ ૧૦ અને ૧૯ ડિસેમ્બરે મુંબઈ, નાગપુર, ગાંધીનગર અને વડોદરામાં આઠ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન, બે સંસ્થાઓ, એક મુંબઈમાં અને બીજી નાગપુરમાં ઉભરી આવી, જેઓ કમિશનના ધોરણે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે વિદેશી યુનિવર્સિટીઓ સાથે કરાર કરી રહી હતી. તપાસમાં જાણવા મળ્યું કે એક સંસ્થા દર વર્ષે લગભગ ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને વિદેશી કોલેજોમાં મોકલે છે, જ્યારે બીજી સંસ્થા ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને મોકલે છે. આ ઉપરાંત ગુજરાતમાં ૧,૭૦૦ અને અન્ય રાજ્યોમાં ૩,૫૦૦ એજન્ટો સક્રિય છે, જેમાંથી ૮૦૦ હજુ પણ કાર્યરત છે. ઈડીએ રૂ. ૧૯ લાખની બેંક ડિપોઝિટ ફ્રીઝ કરી છે, બે વાહનો જપ્ત કર્યા છે અને અનેક ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો પણ રિકવર કર્યા છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે કેનેડા-યુએસ બોર્ડર પાસે આવેલી ૨૬૨ કેનેડિયન સંસ્થાઓમાંથી કેટલીક માનવ તસ્કરી પ્રવૃત્તિઓમાં સીધી રીતે સામેલ હોઈ શકે છે.

### શિમલા, કુલ્લુ, મનાલી વગેરે શહેરોમાં લાંબા ટ્રાફિક જામ

# હિમાચલ પ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળોમાં હિમવર્ષા

**કેટલાક પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત થીજી જતા તાપમાનમાં ફસાયા, અનુભવને "ભયાનક" ગણાવતા**

। (એજન્સી) શીમલા, તા.૨૫ ।

ક્રિસમસની ઉજવણી વચ્ચે હિમાચલ પ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળો તાજી હિમવર્ષાને કારણે બરફથી ઢંકાઈ ગયા છે. પરિણામે પ્રવાસીઓના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે હિમાચલના શિમલા, કુલ્લુ, મનાલી વગેરે શહેરોમાં લાંબા ટ્રાફિક જામ થાય છે. એટલું જ નહીં સ્થિતિ એવી બની કે કુલ્લુના ધુંડી અને મનાલી-લેહ હાઈવે પર અટલ ટનલના ઉત્તરી અને દક્ષિણ દરવાજા પર લગભગ ૧,૫૦૦ વાહનો બરફમાં ફસાઈ ગયા. આ વાહનોને દૂર કરવા માટે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હિમવર્ષાને કારણે રસ્તાઓ ખતરનાક રીતે લપસણો બની ગયા હતા. જેના કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને ઘણા પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત ફસાયા હતા. ઘણા ફસાયેલા પ્રવાસીઓ મેદાનોમાંથી તેમની પોતાની કાર અથવા ટેક્સીમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમને બરફીલા રસ્તાઓ પર વાહન ચલાવવાનો કોઈ અનુભવ નહોતો. બરફના વધતા જતા સંચયને કારણે પરિસ્થિતિ વધુ વણસી હતી. જેના કારણે ટ્રાફિક જામ અને અવરજવરમાં



સમસ્યા સર્જાઈ હતી. કેટલાક પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત થીજી જતા તાપ માનમાં ફસાઈ ગયા હતા અને અનુભવને "ભયાનક" ગણાવતા હતા. ૮ હજાર લોકોને બચાવી લેવાયા હતા : મનાલી ડીએસપી કેડી શર્માએ જણાવ્યું હતું કે, 'સોમવારે બપોરે ૨ વાગ્યે શરૂ થયેલ બચાવ કામગીરી આખી રાત ચાલુ રહી, જેમાં પોલીસ કર્મચારીઓએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝીરોથી નીચેના તાપમાનમાં અથાક મહેનત કરી. બીજા દિવસે સવારે ૧૦ વાગ્યા સુધીમાં તમામ વાહનોને બહાર કાઢવામાં આવ્યા હતા અને ફસાયેલા તમામ ૮,૦૦૦ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. ભારે હિમવર્ષાને કારણે મનાલી-લેહ હાઈવે પર વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી, જેના કારણે મુસાફરોને વિલંબ અને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. વાહન સ્લીપ થવાથી ૪ લોકોના મોત થયા હતા : હિમાચલ પ્રદેશના શિમલા અને મનાલીમાં તાપમાન શૂન્યથી અનેક ડિગ્રી નીચે ગયું છે. હવામાન પરિસ્થિતિઓએ આ શહેરોને પ્રવાસીઓ માટે ક્રિસમસ અને નવા વર્ષની રજાઓનો આનંદ માણવા માટે સંપૂર્ણ પ્રવાસન સ્થળો બનાવ્યા છે. તેમજ સતત હિમવર્ષા પ્રવાસીઓ માટે ખુશીઓથી ભરપૂર હોઈ શકે છે પરંતુ તેનાથી હાઈવે પર અકસ્માતો અને ઘટનાઓનું જોખમ પણ વધી ગયું છે. મીડિયા અહેવાલો અનુસાર હિમાચલ પ્રદેશમાં વાહન સ્લીપ થવાને કારણે અલગ-અલગ અકસ્માતોમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે. અનેક રસ્તાઓ બંધ થઈ ગયા હતા : હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ઓછામાં ઓછા ૨૨૩ રસ્તાઓ બંધ થઈ ગયા છે. અધિકારીઓએ મંગળવારે આ માહિતી આપી. અટારી અને લેહ વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ, કુલ્લુ જિલ્લાના સાંજથી ઓટ, કિન્નૌર જિલ્લામાં ખાબ સંગમ અને લાહૌલ-સ્પીતિ જિલ્લાના ગ્રમ્ફૂ સહિત લગભગ ૨૨૩ રસ્તાઓ ટ્રાફિક માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

### યુદ્ધમાં ૧૪૦૦૦એ ગુમાવ્યાં જીવ

# ગાઝા નર્ક બન્યું : દર કલાકે એક બાળકનું મોત થાય છે

**ગાઝામાં બાળકોને યોગ્ય શિક્ષણ પણ નથી મળી રહ્યું**

। (એજન્સી) ગાઝા, તા.૨૫ ।

ઈઝરાયલ અને ગાઝા વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ હજું સમાપ્ત નથી થયું. ત્યાંની સ્થિતિ દિવસેને-દિવસે વધુ ખરાબ થઈ રહી છે. ઈઝરાયેલે ગાઝાને ખંડેર બનાવી દીધુ છે. ત્યારે આ વચ્ચે ગાઝામાં રહેતા પેલેસ્ટિનિયન શરણાર્થીઓ અંગે UNRWA (યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી) એ એક રિપોર્ટ જારી કર્યો છે. આ રિપોર્ટ પ્રમાણે ગાઝા પટ્ટીમાં દર કલાકે એક બાળકનું મોત થાય છે, ત્યાં બાળકો માટે કોઈ જગ્યા નથી. ગાઝામાં યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૪,૫૦૦ બાળકોના મોત થઈ ગયા છે. દર કલાકે એક બાળક મૃત્યુ પામે છે. આ સંખ્યાઓ નથી. UNRWA એ એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું કે, આ જિંદગીઓ ખતમ થઈ રહી છે.



બાળકોની હત્યાને યોગ્ય ન ઠેરવી શકાય. જેઓ બચી જાય છે તેઓ શારીરિક અને ભાવનાત્મક રીતે ઘાયલ થાય છે. ગાઝામાં બાળકોને યોગ્ય શિક્ષણ પણ નથી મળતું, આ બાળકો માટે દર કલાકે ઘડિયાળ ટિક કરી રહી છે, તેઓ પોતાનું જીવન અને ભવિષ્ય ગુમાવી રહ્યા છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયલ દક્ષિણ ઈઝરાયલની સરહદથી હમાસના હુમલાનો બદલો લેવા જવાબી કાર્યવાહી કરવા માટે ગાઝામાં હમાસ વિરુદ્ધ મોટા પાયે હુમલો કરી રહ્યું છે. જેમાં લગભગ ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા.

### કોર્ટે ૭ વર્ષની જેલની સજા ફટકારી, બેંક અધિકારીઓના પાસવર્ડનો ઉપયોગ કરીને કર્યું કૌભાંડ

# IPL સ્ટાર બેટરના પિતાનું નામ બેંક કૌભાંડમાં સંડોવાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતીય ક્રિકેટ ટીમનો ભૂતપૂર્વ વિકેટકીપર અને બેટર નમન ઓઝાને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. તેના પિતા વિનય ઓઝાને બેંક કૌભાંડના કેસમાં ૭ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ૧૧ વર્ષ બાદ આ કેસમાં ચૂકાદો આવ્યો હતો. વિનય ઓઝાને મધ્યપ્રદેશના બેતુલ સ્થિત બેંક ઓફ મહારાષ્ટ્રમાં કૌભાંડના કેસમાં આપવામાં આવી છે. આ કેસમાં વિનય સહિત ૪ લોકોને સજા ફટકારવામાં આવી હતી. અહીં તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૩માં બેતુલના મુલતાઈ પોલીસ સ્ટેશન વિસ્તારના જૌલખેડા ગામમાં બેંક ઓફ મહારાષ્ટ્રની શાખામાં ૧.૨૫ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હતું. પોલીસે આ કેસમાં ૬ લોકો સામે ગુનો નોંધ્યો હતો. મુલતાઈ એડિશનલ સેશન્સ કોર્ટે ૨૪ ડિસેમ્બરના રોજ મહારાષ્ટ્ર બેંક શાખા જૌલખેડામાં કૌભાંડના કેસમાં પોતાનો ચૂકાદો આપ્યો હતો. આ કેસમાં માસ્ટરમાઈન્ડ અભિષેક રત્નમ અને અન્ય આરોપીઓને સજા કરવામાં આવી છે. અભિષેક રત્નમને ૧૦ વર્ષની જેલ અને ૮૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તે સમયે વિનય ઓઝા બેંકમાં આસિસ્ટન્ટ



મેનેજરના પદ પર હતા. પોલીસે વિનયને પણ આરોપી બનાવ્યો હતો. તેમને ૭ વર્ષની જેલ અને ૭ લાખ રૂપિયાના દંડની સજા ફટકારવામાં આવી છે. આ સિવાય બેંકમાં દલાલીનું કામ કરનાર ધનરાજ પવાર અને લખન હિંગવેને ૭ વર્ષની જેલ અને ૭ લાખ રૂપિયાનો દંડની સજા આપવામાં આવી હતી. આ કૌભાંડના માસ્ટરમાઈન્ડ અભિષેક રત્નમે બેંક અધિકારીઓના પાસવર્ડનો ઉપયોગ કરીને વર્ષ ૨૦૧૩માં આવું કૌભાંડ કર્યું હતું. તે સમયે નમન ઓઝાના પિતા વિનય ઓઝા પણ આ જ બેંકમાં પોસ્ટેડ હતા. આ કૌભાંડમાં તેનું નામ પણ સામે આવ્યું હતું. સરકારી વકીલ રાજેશ સાબલેએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે બેંક અધિકારીઓના પાસવર્ડનો ઉપયોગ કરીને આ કૌભાંડ કરવામાં આવ્યું હતું. આ કેસની તપાસ દરમિયાન બેંક કેશિયર દીનાનાથ રાઠોડનું મૃત્યુ થયું હતું. આ ઉપરાંત ટ્રેઈની બ્રાન્ચ મેનેજર નિલેશ છાત્રોલે કે જેમનું આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેને કોર્ટે નિર્દોષ ગણાવીને છોડી મૂક્યો હતો. કોર્ટે ચાર આરોપીઓને દોષિત ઠેરવ્યા અને તેમને સજા ફટકારી હતી. એડવોકેટ વિશાલ કોહડે કહ્યું હતું કે, બેંક ઓફ મહારાષ્ટ્રમાં અભિષેક રત્નમ અને વિનય ઓઝાએ એજન્ટોના માધ્યમથી બોગસ ખાતા ખોલાવીને સવા કરોડનું કૌભાંડ કર્યું હતું. અહીં તમને જણાવી દઈએ કે નમન ઓઝાએ એક ટેસ્ટ અને એક વન ડે ઈન્ટરનેશનલ મેચ રમી હતી. તેણે ટેસ્ટમાં ૫૬ રન અને વનડેમાં ૧ રન બનાવ્યા હતા.

### ટીમ ઈન્ડિયાના વિવાદિત પૂર્વ કોચનું નિવેદન

# ટ્રેવિસ હેડે જસપ્રિત બુમરાહને રેગ્યુલર બોલરની જેમ જ ટ્રીટ કર્યો

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૫ ।

ઓસ્ટ્રેલિયામાં હાલ રમાઈ રહેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ટ્રેવિસ હેડ અને જસપ્રિત બુમરાહ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ બેટર ગ્રેગ ચેપલે પોતાની વાત કહી છે. અત્યાર સુધી એવું લાગી રહ્યું હતું કે, બોર્ડર ગાવસ્કર ટ્રોફી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટ સીરિઝ નહિ પરંતુ ભારત વિરુદ્ધ ટ્રેવિસ હેડ અને જસપ્રિત બુમરાહ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયાની સીરિઝ ચાલી રહી છે. આ બંને ખેલાડીઓ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. જો કે, ટ્રેવિસ હેડનો તોડ જસપ્રિત બુમરાહ પાસે નથી. ત્યારે હવે ગ્રેગ ચેપલે કહ્યું હતું કે, હેડે બુમરાહ સાથે એવું વર્તન કર્યું છે કે





જાણે તે કોઈ સામાન્ય બોલર હોય. આ સીરિઝમાં ત્યાર સુધીમાં ટ્રેવિસ હેડ ૩ મેચમાં ૪૦૯ રન બનાવી ચૂક્યો છે. જ્યારે બુમરાહે ત્રણ ટેસ્ટ મેચમાં ૨૧ વિકેટ ઝડપી હતી. ગ્રેગ ચેપલે કહ્યું હતું કે, 'જસપ્રિત બુમરાહ સામે ટ્રેવિસ હેડનું પ્રદર્શન આ સીરિઝમાં તેનું આ નિર્ભય વલણ દર્શાવે છે. જ્યાં મોટાભાગના બેટરો બુમરાહની બોલિંગથી બચવા માટે સંઘર્ષ કરતા હોય છે, ત્યારે ટ્રેવિસ હેડે બુમરાહને રેગ્યુલર બોલરની જેમ જ ટ્રીટ કર્યો હતો.' જસપ્રિત બુમરાહે ટ્રેવિસ હેડને આ સીરિઝમાં બે વખત આઉટ કર્યો હતો. હેડે સીરિઝ દરમિયાન બે સદી ફટકારી છે અને પર્થમાં તેણે ૮૯ રનની ઈનિંગ રમી હતી. ચેપલે કહ્યું કે, 'હેડના આક્રમક વલણથી બુમરાહ પરેશાન છે. ઈરાદા સાથે રમીને બુમરાહના બોલ પર રન બનાવવાનો પ્રયાસ કરીને હેડે તેના માટે માત્ર ખતરો ઓછો કર્યો નથી, પરંતુ બુમરાહની લયને પણ બગાડી હતી. શોર્ટ બોલ પર શાનદાર શોટ મારીને અને ફુલ લેન્થ બોલને ચોકસાઈથી રમીને હેડે પોતાની પ્રગતિને રેખાંકિત કરી છે.' ભવિષ્યવાણી કરીને ગ્રેગ ચેપલે કહ્યું હતું કે, હેડ ઓસ્ટ્રેલિયન ટીમનો આગામી કેપ્ટન બની શકે છે.

# લોટના ભાવ ૧૫ વર્ષની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

મોંઘવારીએ દાટ વાળ્યો છે. સામાન્ય લોકોના બજેટ ખોરવી નાખ્યા છે. શાકભાજી-ફળોના ભાવમાં હજુ ઘટાડો થયો નથી. ત્યાં ઘઉંના લોટના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ઘઉંની કિંમતમાં વધારો નોંધાતા લોટની કિંમત ૧૫ વર્ષની ટોચે પહોંચી હોવાનો અહેવાલ આવ્યો છે. કંટાર રિપોર્ટ અનુસાર, આ વૃદ્ધિની સૌથી વધુ અસર ગ્રામીણ વિસ્તારો પર થઈ છે. પરિવાર પર ખર્ચનો બોજો વધ્યો છે. એફએમસીજી સેક્ટરનો ગ્રોથ મંદ પડ્યો છે. ઘઉંના ભાવમાં તોતિંગ વધારાના કારણે ઘઉંના લોટની કિંમત રૂ. ૪૨ પ્રતિ કિગ્રાના સ્તરે પહોંચી છે. જે જાન્યુઆરી, ૨૦૦૯ કરતાં વધુ છે. ઘઉંનું વાવેતર ઘટતાં સરકાર પાસે પણ ઘઉંનો સ્ટોક માગ કરતાં ઓછો છે. જેથી કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. શહેરી ક્ષેત્રોમાં ખાદ્ય ચીજો પર ફુગાવો ૧૧.૧ ટકાના દરે વધ્યો છે. મોટાભાગની એફએમસીજી પ્રોડક્ટ્સના ભાવ વધ્યા છે. ખાણીપીણીની ચીજોના ભાવ વધતાં એફએમસીજી કંપનીઓ કિંમતોમાં વધારો તેમજ પ્રમાણમાં ઘટાડો કરી રહી છે.

### ૫ ડોક્ટરોને કરાયા સસ્પેન્ડ

# રાજૌરીમાં મેડિકલ કોલેજમાં ગર્ભવતી મહિલાનું મોત થયું

। (એજન્સી) જમ્મુ, તા.૨૫ ।

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સરકારી મેડિકલ કોલેજ (GMC)ના પાંચ ડૉક્ટરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ નિર્ણય ગર્ભવતી મહિલાના મોત બાદ લેવામાં આવ્યો છે. મોતની ઘટના બાદ હોસ્પિટલની બેદરકારી પર સવાલો ઉઠ્યા છે. રવિવારે બપોરના સમયે કોટરંકા તહસીલના બદહાલની રહેવાસી રાઝિમ અખ્તર (ઉ.૩૫)નું રાજૌરીના જીએમસીમાં મૃત્યુ થઈ ગયું હતું. તે સાડા પાંચ મહિનાની ગર્ભવતી હતી અને તે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ હતી. અગાઉ તેની સારવાર કંડીની હોસ્પિટલમાં ચાલી રહી હતી, પરંતુ બાદમાં તેને રાજૌરીના જીએમસીમાં રિફર કરવામાં આવી હતી. આ મામલે અધિકારીઓએ જણાવ્યું કે, પાંચ ડોકટરોને



સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે બે ડોકટરો અને પેરામેડિક્સ અને સપોર્ટ સ્ટાફ સહિત અન્ય આઠ સ્ટાફ સભ્યોને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. સસ્પેન્ડ કરાયેલા ડોકટરોમાં ડો. વિનુ ભારતી, ડો. નીતુ, ડૉ. શાકિર અહેમદ પારે, ડૉ. શફકતઉલ્લા અને ડૉ. અનીફ સલીમ રાથર સામેલ છે. મહિલાની સારવાર ચાલી રહી હતી ત્યારે આ તમામ ડૉક્ટરો ઈમરજન્સી વોર્ડમાં નાઈટ ડ્યુટી પર હતા. અન્ય આઠ સભ્યો ઉપરાંત બે ડૉક્ટરોને કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી છે.

## વિશેષ

### અમદાવાદની સિવિલ હોસ્પિટલ રાઉન્ડ ધ ક્લોક દર્દીઓની સેવામાં સેવારત

# વારંવાર ચેતવણી છતાં ફરી એકવાર ૧૦ વર્ષનું બાળક સીસોટી ગળી જવાનો કિસ્સો ધ્યાને આવ્યો

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલે ફરી એક વખત સારવાર થી સ્કીનના દાન ક્ષેત્રે સરાહનીય કામગીરી કરીને લોકોનો વિશ્વાસ જીત્યો છે. વર્ષ – ૨૦૨૪ નું વર્ષ પૂર્ણ થવામાં ફક્ત ૭ દિવસ બાકી છે. પરંતુ એના પહેલાના ૩૫૮ દિવસોમાં સિવિલ હોસ્પિટલના ગેટ કોઈપણ દર્દી માટે ક્યારેય બંધ થયા જ નથી.

રાજયના કોઈપણ ખૂણે ગમે તે પ્રકારની આપદા આવે અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને તમામ ડૉક્ટર્સ રાઉન્ડ ધ ક્લોક દર્દીઓની સેવામાં સેવારત છે. છેલ્લાં બે ત્રણ વર્ષ માં ઉત્તમ સારવાર ની સાથે સાથે અંગદાન, સ્કિન ડોનેશન અને અન્ય રાષ્ટ્રીય પ્રોગ્રામ માં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા ઉદાહરણરૂપ કામગીરી કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપ રાજ્ય તેમજ રાજ્ય બહારના હજારો દર્દી ઓ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ આશીર્વાદ બની રહી છે.

છેલ્લાં બે દિવસમાં સિવિલ હોસ્પિટલ ખાતે એક કિસ્સામાં બાળકની શ્વાસનળીમાં ફસાયેલ પ્લાસ્ટિકની સીસોટીને દૂર કરી સાજા કરવાનો તેમજ બીજી તરફ મૃત દર્દી નાં ઘરે જઈ ડૉકટરો દ્વારા સ્કીનનું દાન લઈને જરૂરિયાતમંદને મદદરૂપ થવાની શ્રેષ્ઠ કામગીરી કરાઈ છે. વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશી એ જણાવ્યુ હતુ કે અમદાવાદના રહેવાસી અને મજૂરી કરતા જગદીશભાઈ બોડાણાના ૧૦ વર્ષના પુત્ર ક્રિષ્નાને રમતા રમતા આકસ્મિક રીતે રમકડાની પ્લાસ્ટીકની સીસોટી શ્વાસનળીમાં જતી રહેતા ઉધરસ શરુ થઈ હતી. પ્રથમ તેઓ દીકરાને લઇ એલજી હોસ્પિટલમાં ગયા જ્યાં તેનો એક્સ-રે તેમજ સીટી સ્કેન કરવામાં આવ્યો. ત્યારબાદ શ્વાસ નળીમાં ફોરેનબોડી જણાતા તેને સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં રીફર કરવામાં આવ્યો હતો.

બાળકને સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો જ્યાં તારીખ ૨૦મી ડિસેમ્બર ના રોજ ડૉ. જયશ્રી રામજી પ્રોફેસર, પીડિયાટ્રિક સર્જરી વિભાગ તેમજ ડૉ. ચિરાગ પટેલ અને ડૉ. તૃપ્તિ શાહ એનેસ્થેસિયા વિભાગની આગેવાની હેઠળની ટીમ દ્વારા બ્રોંક્રોસ્કોપી કરી ડાબી તરફની મુખ્ય શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સીસોટી સફળતાપુર્વક બહાર કાઢવામા આવી. ઓપરેશન પછી કોઈપણ બીજી તકલીફ ન રહેતા સ્વસ્થ જણાતા બાળક ને રજા આપવામાં આવી છે.



બીજી તરફ તારીખ ૨૨ ડીસેમ્બર ના રોજ, નિકોલ, અમદાવાદ ખાતે ૯૨ વર્ષના છગનભાઈ શામજીભાઈ દેવાણી મ્રુત્યુ પામતા પરીવારજનો એ સિવિલ હોસ્પિટલ અમદાવાદની સ્કીન બેંક નો સમ્પર્ક સાધતા સિવિલ હોસ્પિટલ ના પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડૉ. જયેશ સચદેવની ટીમે ઘરે જઈ મ્રુતકની ત્વચા લઈ સ્કીન ડોનેશન સ્વીકાર્યુ હતુ.

આ સાથે સિવિલ હોસ્પિટલ સ્કીન બેંક ને મળેલુ આ સાતમુ અને ઘરેથી લેવામાં આવેલ બીજું સ્કીન દાન છે . રાજ્ય સરકાર સિવિલ હોસ્પિટલ ની સેવાઓ માં ઉતરોત્તર વધારો કરી રહી છે જેની સાથે સિવિલ હોસ્પિટલ નો સ્ટાફ પણ દર્દી ઓ ને ઉતમ સારવાર મળી રહે તે માટે કટિબદ્ધ છે.

સ્કીન ડોનેશન વિશે એ બધું જે તમે જાણવા માંગો છે.

સિવિલ હોસ્પિટલના પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા ડૉ. જયેશ સચદેવ એ મહત્વની વિગતો આપી છે.

કોની સ્કીન લઈ શકાય

૧) ઉંમર ૧૮ વર્ષથી વધારે હોય

૨) મૃત્યુના ૬(છ) કલાકની અંદર લઈ શકાય

૩) ત્વચા દાન માટે વ્યક્તિએ સંકલ્પ કર્યો હોય

કોની સ્કીન ન લઈ શકાય

૧) મૃત્યુના ૬(છ) કલાક બાદ

૨) મૃત્યુ કોઈ ચેપથી, હિપેટાઈટિસ, HIV ઈન્ફેકશનથી થયેલ હોય, ચામડીનું કેન્સર હોય

સિવિલ હોસ્પિટલમાં સ્કીન ડોનેશન કરવા ક્યાં સંપર્ક કરવો

સિવિલ હોસ્પિટલ, અમદાવાદના કિન બેંકનો નંબર

૯૪૨૮૨૬૫૮૭૫ છે. જે 24*7*965 દિવસ કાર્યરત છે.

ઉક્ત નંબર પર ફોન દ્વારા જાણ કરતા પ્લાસ્ટિક સર્જરી વિભાગની ટીમ અમદાવાદ કે ગાંધીનગર શહેરની કોઈપણ હોસ્પિટલ કે ઘરે સ્કીન લેવા આવશે.

બ્રેઈન ડેડ કે કુદરતી રીતે મૃત્યુ પામેલ વ્યક્તિની ત્વચા લઈ શકાય છે.

ત્વચા તેમજ પગના પાછળના ભાગ પરથી લેવામાં આવે છે. ત્વચાનું પડ જ લેવામાં આવે છે. શરીરમાંથી લોહી નીકળતું નથી કે શરીર બેડોળ થતું નથી. ત્વચા લીધા બાદ તે ભાગ પર ડ્રેસિંગ કરવામાં આવે છે. ત્વચા લેવાની પ્રોસેસ ૪૫ (આશરે) મિનિટની હોય છે (પોણો કલાક)

આ ત્વચા સ્કીન બેંકમાં પ્રોસેસ કરી સાચવવામાં આવે છે. જેનો ઉપયોગ દાઝેલા દર્દી, એકસીડન્ટમાં જે દર્દીની ત્વચા નીકળી ગયેલ હોય તેવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. ત્વચા બીજાના શરીરમાં આશરે બે ત્રણ અઠવાડિયા રહે છે. પછી કુદરતી રીતે નીકળી જાય છે. આ સમય દરમિયાન ઘરમાં રૂઝ આવી જાય છે અથવા દર્દીની પોતાની ચામડી લગાડવા માટે સમય મળે છે.

અન્ય અંગોની સાથે ત્વચા દાનનો સંકલ્પ લઈ બીજાની જિંદગી બચાવી શકાય છે.

### સુશાસન દિવસે ગુજરાત રાજ્યના વન વિભાગમાં ૮૦૦ ઉપરાંત યુવાઓનું વર્કફોર્સ ઉમેરાયું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વન વિભાગમાં નવી નિમણૂંક પામેલા ૮૧૦ વન રક્ષકો અને ૪૦ જેટલા મદદનીશ વન સંરક્ષકને નિયુક્તિ પત્રો એનાયત કર્યા

। અમદાવાદ, તા.૨૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. અટલબિહારી વાજપેયીજીના જન્મદિવસ ૨૫મી ડિસેમ્બર સુશાસન દિવસે રાજ્યના વન વિભાગમાં ૮૦૦ ઉપરાંત નવ યુવાઓને નવી નિમણૂંકના નિયુક્તિ પત્રો એનાયત કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂર્વ પ્રધાનમંત્રીશ્રી સ્વ. અટલબિહારી વાજપેયીના જન્મદિવસ ૨૫મી ડિસેમ્બરને૨૦૧૪થી સુશાસન દિવસ તરીકે ઉજવવાની શરૂ કરેલી પરંપરાને નિયુક્તિ પત્ર વિતરણથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આગળ ધપાવી હતી.

તેમણે કહ્યું કે, શાસન વ્યવસ્થામાં ગરીબ, સામાન્ય માનવીને કેન્દ્રસ્થાને રાખીને અટલ બિહારીજીએ સેવા-સુશાસન આપ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સુશાસનના લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા સેચ્યુરેશનનો જે કાર્ય મંત્ર અપનાવ્યો છે તેને સાકાર કરવામાં મેનપાવર-વર્કફોર્સની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, યુવાશક્તિના કૌશલ્ય અને સામર્થ્યને જનસેવામાં જોડવા સરકારે પારદર્શિતાથી સમયબદ્ધ ભરતી પ્રક્રિયાઓ હાથ ધરી છે. યુવાશક્તિના ડેમોગ્રાફિક ડિવિડન્ડને રાજ્યના વિકાસમાં યોગદાન આપવા આપણે સજ્જ બનાવવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ફોરેસ્ટ ફોર્સમાં જોડાઈ રહેલા નવનિયુક્ત યુવાઓને પર્યાવરણ રક્ષા અને વનોના જતન સંવર્ધન સાથે રાજ્યની વિકાસ યાત્રામાં સહભાગી થવા પ્રેરક આહવાન પણ કર્યું હતું. તેમણે વિકસિત ભારત જ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં આ નવનિયુક્ત યુવાઓ પ્રકૃતિ અને માનવ જાતના કલ્યાણ માટે સેવારત રહેશે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો. ગુજરાતના વિકાસ રોલ મોડલને નવી વૈશ્વિક ઊંચાઈ આપવામાં પણ આ નવનિયુક્ત વન કર્મીઓના યોગદાનની અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે આજે શ્રી અટલજીની યાદમાં ગુજરાત સહિત દેશભરમાં



સુશાસન દિવસ ઉજવવામાં આવે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસન થકી ગુજરાતને આગવી ઓળખ અપાવી છે તેને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ વધારી રહ્યા છે. આજે વન વિભાગમાં મોટી સંખ્યામાં મદદનીશ વન સંરક્ષક અને વનરક્ષકની નવી ભરતી કરીને સુશાસન દિવસને સાચા અર્થમાં ઊજવણી કરવામાં આવી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતી નવી પેઢી આગામી સમયમાં વન અને વન્ય જીવના રક્ષણ માટે મહત્વની ભૂમિકા ભજવશે તેમ જણાવી વન મંત્રીશ્રીએ નવનિયુક્ત કર્મયોગીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

વન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માનવ અને વન્ય પ્રાણી વચ્ચે ઘર્ષણ અટકાવવા માટે મોરબી, જાંબુઘોડા, કચ્છ, જામનગર અને દ્વારકામાં રેસ્ક્યુ-ટ્રીટમેન્ટ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા પ્રવાસીઓને પુરતી સુવિધા ઉપલબ્ધ કરાવવા સિંહ દર્શન માટે બરડા તેમજ આંબરડી ખાતે સફારીની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. સિંહ, દિપડા, રિંછ અને વિવિધ પક્ષીઓની વૈજ્ઞાનિક પદ્ધતિથી ગણતરી પણ કરવામાં આવે છે. વન મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે એગ્રો ફોરેસ્ટ્રી અંતર્ગત વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં શહેરી વિસ્તારમાં ૨૦ થી ૨૫ જેટલા અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યા છે.

રાજ્ય કક્ષા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુશાસનનો અર્થ પારદર્શક કામગીરી સાથે અસરકારક શાસન થાય છે. આજે જ્યારે વન રક્ષકોને નિમણૂક પત્ર એનાયત થયા છે ત્યારે વન રક્ષણ સહિત વનમાં થતા ગેરકાયદેસર શિકારને અટકાવવા તેમજ સ્થાનિક પરિવારો સાથે પારિવારિક ભાવના સાથે કાર્યો કરવા તે દરેક વનરક્ષકની જવાબદારી બને છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ ''એક પેડ માં કે નામ'' અભિયાનમાં સમગ્ર દેશને વૃક્ષ વાવવા તેમણે આહવાન કર્યું હતું જેનાથી વૃક્ષો અને પ્રકૃતિ સાથે સૌની આત્મીયતામાં વધારો થશે.

'સુશાસન દિવસ' નિમિત્તે મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે ''સેવા, સંકલ્પ અને સુશાસનના બે વર્ષ'', **"Best Practices of Forest"** અને ભારતીય વરુની ગુજરાતમાં હાજરી અંગે **"Atlas of Indian Wolf Habitats in Gujarat"** એમ ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. વન અને વન્ય જીવ સંરક્ષણમાં વન રક્ષકની ભૂમિકા દર્શાવતી એક દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી.

## ઓખામાં જેટી બનાવવાની કામગીરી દરમિયાન ક્રેન તૂટી

। (એજન્સી) દ્વારકા, તા.૨૫ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા બંદર પર એક અકસ્માતમાં ત્રણ મજૂરોના અવસાન થયા છે. પોલીસે આ માહિતી આપી છે. આ દુર્ઘટના બંદર પર બાંધકામના સ્થળે ક્રેન પડતાં થઈ હતી, જેમાં બે મજૂરોનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું, જ્યારે ત્રીજા મજૂરનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થયું હતું. દુર્ઘટનાની જાણ થતા જ ૧૦૮, ફાયર વિભાગની ટીમ, પોલીસ અને કોસ્ટગાર્ડની ટીમ દોડી આવી હતી અને ત્રણેયના મૃતદેહને હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી. ત્રણેય મૃતકોની ઓળખ કરી લેવાઈ છે. જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, ઓખા બંદર પર ઘાટનું નિર્માણ ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### પાર્ટનરશીપ ડે અંતર્ગત પાંચ MoU

## ગુજરાત અને જાપાન વચ્ચે મૈત્રીનો નવો સેતુ રચાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે પાર્ટનરશીપ ડે અન્વયે મૈત્રી કરારો માટેનો કાર્યક્રમ મહાત્મા મંદિરમાં યોજાયો હતો. જેમાં ગુજરાત સરકાર અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે સિસ્ટર સ્ટેટ ફ્રેન્ડશીપ એગ્રીમેન્ટ કરાયા હતા. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં આ એગ્રીમેન્ટની મુખ્યમંત્રી અને શિઝુઓકા પ્રીફેક્ચરના ગવર્નરે પરસ્પર આપ-લે કરી હતી. જે કરાર સંપન્ન થયા છે તેમાં (૧) શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન (૨) અમદાવાદ અને હમામાત્સુ (૩) શહેરો વચ્ચે આપસી સરકાર માટેની દરખાસ્ત (૪) વર્સેટાઈલ માઈક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે MOU અને (૫) સુઝુકી મોટર કોર્પોરેશન તથા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે સમજૂતિ કરાર (MOU)નો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર માને છે કે, આ કરારથી વેપાર, વાણિજ્ય, ટેકનોલોજી, નવીનતા, સાંસ્કૃતિક આદાનપ્રદાન તેમજ પ્રવાસન જેવા ક્ષેત્રોમાં એકબીજાના સામર્થ્યનો લાભ મળશે. આ કરાર બન્ને દેશોની ક્ષમતાઓ માટે પૂરક બની વિવિધ ક્ષેત્રોમાં સહભાગિતાની સંભાવનાઓ ઊભી કરશે. અમદાવાદના પતંગોત્સવની અને હમામાત્સુમાં યોજાતા પતંગોત્સવની લોકપ્રિયતાની સામ્યતા વર્ણવી મુખ્યમંત્રીએ આગામી ઉત્તરાયણ ઉત્સવમાં જોડાવા જાપાનીઝ પ્રતિનિધિઓને આમંત્રણ પાઠવ્યું હતુ.

### યુવકોએ હોબાળો કર્યાનો પોલીસનો દાવો

## પટણામાં BPSC ઉમેદવારો પર પોલીસ દ્વારા લાઠીચાર્જ

। (એજન્સી) પટણા, તા.૨૫ ।

બિહારની રાજધાની પટણામાં પોલીસે BPSC (બિહાર પબ્લિક સર્વિસ કમિશન) ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હોવાનો વીડિયો સામે આવ્યો છે. પોલીસનું કહેવું છે કે ઉમેદવારો રસ્તા પર બેઠક કરીને હોબાળો મચાવી રહ્યા હતા, તેથી પોલીસે હળવો બળપ્રયોગ કર્યો છે. વિરોધ કરી રહેલા BPSC ઉમેદવારોનું કહેવું છે કે, અમે અમારી માંગણીઓ માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. પોલીસ કોઈપણ માહિતી વગર આવી અને અમારા પર લાઠીચાર્જ કર્યો છે. બીજી તરફ એવા અહેવાલ સામે આવ્યા છે કે, ઉમેદવારોએ બીપીએસસી ઓફિસને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને તેઓ ફરીથી પરીક્ષા યોજવાની માંગ કરી રહ્યા છે. પરંતુ તેમનો અવાજ દબાવવા માટે પોલીસ બળનો ઉપયોગ કર્યો હતો. દેખાવો કરી રહેલા ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે, પોલીસ અધિકારીઓએ માત્ર બળપ્રયોગ જ નહીં, અમારી સાથે દુર્વ્યવહાર પણ કર્યો છે.

### ફ્લાઇટ ટિકિટમાં રૂપિયા બે હજારથી વધુનો વધારો

## ક્રિસમસ વેકેશન ટ્રીપ મોંઘી થઈ, એરલાઇન્સના ભાડા વધતાં બુકિંગ ઘટ્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગુજરાત સહિત દેશભરમાં ક્રિસમસનીઉજવણીનો લોકોમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આ દરમિયાનમાં ગુજરાતીઓ મીની ટ્રીપનું આયોજન કરતા હોય છે. જેમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા જેવા મહાનગરોમાંથી લોકો ગોવા, દુબઈ, સિંગાપોર, મલેશિયા સાથે વિયેતનામ જવાનું વધારે પસંદ કરે છે. બીજી તરફ ક્રિસમસને પગલે એરલાઈન્સના ભાડામાં તોતિંગ વધારો થયો છે. જેના કારણે વેકેશન ટ્રીપ બની મોંઘી બની છે. સામાન્ય દિવસો કરતા ક્રિસમસના દિવસોમાં ફ્લાઈટના ભાડામાં ૧૫થી ૨૦ ટકાનો વધારો થયો છે.ક્રિસમસને પગલે એરલાઈન્સના એક વ્યક્તિ દીઠ રાઉન્ડ ટ્રીપમાં રાજકોટથી ગોવાનું ભાડું રૂપિયા ૯ હજાર ૫૦૦થી વધી રૂપિયા૧૧ હજાર થઈ ગયું છે. જ્યારે અમદાવાદથી દુબઈની ફ્લાઈટનું ભાડું રૂપિયા ૩૩ હજારથી વધી રૂપિયા ૩૭ હજાર થયું છે. જ્યારે વડોદરા અને સુરતથી પોર્ટબ્લેરની ફ્લાઈટનું ભાડું રૂપિયા. ૨૯ હજાર ૫૦૦થી વધી રૂપિયા૬૫ હજાર થયું છે.ટુર ટ્રિપના સંચાલકોના જણાવ્યા મુજબ કે રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદથી લોકો એક અઠવાડિયા માટે ફેમિલી ટ્રીપ ઉપર અલગ અલગ ટુરિસ્ટ પ્લેસ ઉપર જવાનું પસંદ કરતા હોય છે.

## પોલીસે હાઇબ્રીડ ગાંજાનો ૨૨ લાખનો જથ્થો ઝડપી પાડયો

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરાના તાંદલજા વિસ્તારના એક મકાનમાંથી પોલીસે હાઈબ્રીડ ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડી એક કેરિયરની અટકાયત કરી છે. જ્યારે તેના પિતાને વોન્ટેડ જાહેર કર્યા છે. તાંદલજા બેસિલ સ્કૂલ પાસે આવેલા શકીલા પાર્કના મકાનમાં રહેતા અબ્દુલ પટેલના ઘરે હાઈબ્રીડ ગાંજો હોવાનું અને તેનું વેચાણ થતું હોવાની વિગતોને પગલે એસ.ઓ.જીની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસે મકાનમાં સર્ચ કરતા રૂ.૨૨ લાખની કિંમતનો ૭૦૦ ગ્રામ ઉપરાંતનો હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. મકાનમાંથી આદિબ અબ્દુલ પટેલ મળી આવતાં તેની અટકાયત કરવામાં આવી હતી. અગાઉ ડ્રગ્સ કેસમાં પકડાયેલો તેનો પિતા અબ્દુલ પટેલ સુરત તરફ હોવાની વિગતો મળતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે આદિબ પાસેથી એક મોબાઈલ પણ કબજે કર્યો છે જેના આધારે ગાંજાનું નેટવર્ક જાણવા માટે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપીના નેજા હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે.

# બાબાસાહેબની મૂર્તિને ખંડિત કરનાર આરોપીઓનો વરઘોડો કાઢ્યો, કાન પકડી માફી મંગાવી

### ખોખરા પોલીસે આ આરોપીઓનું સરઘસ કાઢ્યું અને જાહેરમાં માફી મંગાવી હતી હાલ, પોલીસે અન્ય ત્રણ આરોપીઓને પણ ઝડપી લીધા છે

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના ખોખરામાં કે. કા. શાસ્ત્રી કૉલેજ સામે જયંતિ વકીલની ચાલી બહાર ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવાનો વિવાદ વકર્યો હતો. બાદમાં આ મામલે ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીઓની ધરપકડ કરી ખોખરા પોલીસને સોંપ્યા હતા. ખોખરા પોલીસે આ આરોપીઓનું સરઘસ કાઢ્યું અને જાહેરમાં માફી મંગાવી હતી. હાલ, પોલીસે અન્ય ત્રણ આરોપીઓને પણ ઝડપી લીધા છે.ખોખરા પોલીસ બંને આરોપીઓને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન માટે લઈ ગઈ હતી. બાદમાં આ આરોપીઓનું સરઘસ કાઢવામાં આવ્યું હતું અને બંને આરોપીઓ પાસે જાહેરમાં માફી મંગાવવામાં આવી હતી. ડૉ. આંબેડકરનું નાક તોડનાર આરોપીઓએ કાન પકડીને જાહેરમાં લોકોની માફી માંગી હતી. પોલીસે આ બંને આરોપીને









કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં, જ્યાં કોર્ટે આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. આ મામલે વધુ તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે બુધવારે (૨૫ ડિસેમ્બર) બીજા ત્રણ આરોપી ચેતન ઠાકોર, જયેશ ઠાકોર અને મુકેશ ઠાકોરને પણ ઝડપી લીધા છે.

નોંધનીય છે કે, સમગ્ર વિવાદ બાદ સ્થાનિક દલિત આગેવાનોએ બાબાસાહેબની ખંડિત મૂર્તિ દૂર કરી ત્યાં નવી મૂર્તિનું અનાવરણ કર્યું છે. આ સાથે જ ત્રણ દિવસથી ચાલી રહેલા આંદોલનનો પણ અંત આવ્યો છે. આ સાથે દલિત આગેવાનોએ પોઈન્ટ પર સીસીટીવી કેમેરા મૂકવાની માંગ કરી છે. અમદાવાદ શહેરના ખોખાર વિસ્તારમાં આવેલી જયંતિ વકીલની ચાલીની બહાર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા મૂકવામાં આવી છે. જેને કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા આંબેડકર સાહેબની પ્રતિમાનું નાક તોડી નાખવામાં આવ્યું છે.વહેલી સવારે જ્યારે લોકો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ધ્યાને પડ્યું હતું. બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરી અપમાન કરવામાં આવતાં સ્થાનિક લોકોની લાગણીને ઠેસ પહોંચી છે અને લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. બાબાસાહેબની પ્રતિમા ખંડિત કરવાના મામલે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સ્થાનિકોએ રોડ પર બેસી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમજ સતત ત્રણ દિવસથી આંબેડકરના અપમાન મુદ્દે દલિત આગેવાનો દ્વારા ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## જુનાગઢની એક હોટલમાં ૨૪ વર્ષીય યુવકનું મૃત્યુ થયું

। (એજન્સી) જુનાગઢ, તા.૨૫ ।

જુનાગઢની એક હોટલમાં ૨૪ વર્ષીય યુવકનું મૃત્યુ થયું છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે. મૃતક યુવક એક યુવતી સાથે હોટલમાં ગયો હતો, પરંતુ થોડીવાર બાદ યુવતી અચાનક ગાયબ થઈ ગઈ હતી. થોડા સમય બાદ યુવક ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. જુનાગઢના વૈભવ હોટલમાં ૨૪ વર્ષીય વિરેન પરમાર નામના યુવકે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો. ૨૪ ડિસેમ્બરે બપોરના સમયે વિરેન અને એક યુવતી હોટલમાં પ્રવેશ્યા હતા. થોડીવારમાં યુવતી હોટલમાંથી નીકળી ગઈ અને ત્યારબાદ જ્યારે તેણે જણાવીને ફોન કરવાનો પ્રયાસ કર્યો, તો યુવકે ફોન ન ઉપાડ્યો. પછી યુવતીએ હોટલના રિસેપ્શન પર ફરિયાદ કરી હતી, જ્યાં હોટલના સ્ટાફે રૂમનો દરવાજો તોડીને જોયું ત્યારે વિરેન ઝેરી દવા પીધેલી હાલતમાં પડ્યો હતો. તેને દવા પીધેલી હાલતમાં તાત્કાલિક સારવાર માટે જુનાગઢની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો.

## અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ની અધ્યક્ષતામાં સુશાસન દિવસ ઊજવાયો

। (એજન્સી) સુરત,તા.૧૩ ।

અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને ભૂતપૂર્વ વડાપ્રધાન અને 'ભારતરત્ન'થી સન્માનિત રાજપુરુષ શ્રી અટલ બિહારી વાજપેયીના ૧૦૦મા જન્મદિવસ નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ લોકસેવા અને લોકકલ્યાણને કેન્દ્રસ્થાને રાખીને સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની ફરજ વધારે નિષ્ઠા અને નિસબતપૂર્વક નિભાવવા માટે વિવિધ વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી તથા જે કચેરીઓ અને અધિકારીઓ સારી કામગીરી કરી રહ્યા છે, તેમની પ્રશંસા કરી હતી. વિકસિત ભારતના નિર્માણમાં અમદાવાદ જિલ્લાનું યોગદાન મહત્ત્વપૂર્ણ બની રહે એ માટે અસરકારક આયોજન સાથે આગળ વધવા અંગે કેટલાંક રચનાત્મક સૂચનો કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્વચ્છતા ઝુંબેશ હેઠળ સ્વચ્છતા માટે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના હસ્તે જિલ્લા કક્ષાની ત્રણ કચેરીઓને



બેસ્ટ, ઈમર્જિંગ અને એસ્પાયરિંગ એમ ત્રણ કેટેગરીમાં પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવી હતી.

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર, ICDSની કચેરી, જિલ્લા પંચાયતને બેસ્ટ કેટેગરીનું પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી, જ્યારે મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ધોળકાને ઈમર્જિંગ કેટેગરીમાં તો નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીને એસ્પાયરિંગ કેટેગરીમાં સન્માનિત કરવામાં આવી હતી. આ ત્રણેય કચેરીઓની રેકર્ડ વર્ગીકરણની કાર્યવાહી, સાફસફાઈ, જાળવણી અને નિભાવણી સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

## અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સુશાસન દિવસ અંતર્ગત પ્રેરણાદાયી ઉજવણી કરાઇ

### સુશાસન દિન (ગુડ ગવર્નન્સ ડે) ઉજવણીના ભાગરૂપે "એક નઈ ઉમ્મીદ" યોજના અંતર્ગત બાળકોને પ્રોત્સાહિત કરાયા



। અમદાવાદ, તા.૨૫ ।

પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારીના જન્મદિન નિમિત્તે ૨૫ ડિસેમ્બરના દિવસે દર વર્ષે સુશાસન દિન (ગુડ ગવર્નન્સ ડે) ઉજવણી કરવામાં આવે છે ગુડ ગવર્નર્સ ડેની ઉજવણીના ભાગરૂપે ''એક નઈ ઉમ્મીદ'' યોજના અંતર્ગત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બંદીવાન બાળકોને પ્રોત્સાહિત કરવાનો પ્રેરણાદાયી અનોખો કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સુશાસન દિન (ગુડ ગવર્નન્સ ડે) ઉજવણીના ભાગરૂપે ''એક નઈ ઉમ્મીદ'' યોજના અંતર્ગત જેલમાં રહેલ બંદીવાનોના બાળકોને ભણતરમાં પ્રોત્સાહન મળી રહે તેવા ઉમદા હેતુથી રાજ્યની અલગ-અલગ જેલોમાં રહેલ બંદીવાનોના બાળકો કે જેમણે વર્ષ ૨૦૨૪ માં ધોરણ-૧૦,૧૨ કે તેનાથી ઉચ્ચ અભ્યાસ ક્રમોના આખરી વર્ષની પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હોય તેવા બાળકોને પ્રોત્સાહન ઈનામ સ્વરૂપે રોકડ પુરસ્કાર તથા પ્રશંસાપત્ર આપવા અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં રાજ્યની અલગ અલગ જેલોમાં રાખવામાં આવેલ બંદીવાનોના ૩૯ બાળકો કે જેમણે ધોરણ-૧૦,૧૨ કે તેનાથી ઉચ્ચ અભ્યાસ ક્રમોના આખરી વર્ષની પરીક્ષા ઉત્તિર્ણ થયેલ બાળકો તેમના સગા-સંબધિઓ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

### સંતમત ઘાટ પર ગંગા સ્નાન કરી રહ્યા હતા

## હરિદ્વાર ગંગા સ્નાન કરવા ગયેલા પરિવાર, સૌની નજર સામે ભાઈ-બહેનના ડૂબી જતાં મોત

### સ્નાન દરમિયાન વિપુલ પવારની ૧૩ વર્ષની દીકરી પ્રત્યૂષા અને ૬ વર્ષનો દીકરો દર્શ અચાનક ગંગાના તેજ પ્રવાહમાં વહી ગયા

। (એજન્સી) અમદાવાદ,તા.૨૫ ।

ગુજરાતથી હરિદ્વાર ગંગા સ્નાન માટે પહોંચેલા શ્રદ્ધાળુ પરિવાર સાથે એક મોટો અકસ્માત થયો હતો. આ પરિવારના બાળકોની ગંગામાં ડૂબવાથી મોત થઈ ગઈ છે. આ હૃદયદ્રાવક અકસ્માત બુધવારે સવારે ઉત્તર હરિદ્વારના સંતમત ઘાટ પર થયો હતો. ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામ નિવાસી વિપુલ પવાર પોતાના પરિવાર સાથે ગંગા દર્શન અને સ્નાન માટે હરિદ્વાર પહોંચ્યા હતા. બુધવારે (૨૫ ડિસેમ્બર) લગભગ સવારે ૧૦ વાગ્યે આખો પરિવાર ઉત્તર હરિદ્વારના પરમાર્થ ઘાટ પાસે સંતમત ઘાટ પર ગંગા સ્નાન કરી રહ્યા હતાં. સ્નાન દરમિયાન વિપુલ પવારની ૧૩ વર્ષની દીકરી પ્રત્યૂષા અને ૬ વર્ષનો દીકરો દર્શ અચાનક ગંગાના તેજ પ્રવાહમાં વહી ગયા. પરિવાર અને ઘાટ પર હાજર અન્ય શ્રદ્ધાળુ બાળકોને બચાવવા માટે દોડ્યા, પરંતુ પ્રવાહ વધુ હોવાના કારણે અને પાણી ઊંડુ હોવાથી તે બચાવવામાં અસફળ



રહ્યા. જોતજોતામાં બાળકો દેખાતા બંધ થઈ ગયાં. સમગ્ર ઘટનાની માહિતી મળતા જ સપ્તઋષિ પોલીસ ચોકી પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી. પોલીસે નદીમાં શોધખોળ કરી બાળકોની શોધ કરી હતી. થોડી વાર બાદ બંનેને પાણીમાંથી બેભાન સ્થિતિમાં બહાર કાઢવામાં આવ્યા. બાદમાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી બંનેને હરિદ્વાર જિલ્લા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતાં. હાલ બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે.